# જાદુ અને જ્યોતિષીનો હુકમ દર્શાવતી એક પુસ્તિકા

શેખ અબ્દુલ અઝીઝ બિન અબ્દુલ્લાહ બિન બાઝ

ح جمعية الدعوة و الارشاد وتوعية الجاليات بالربوة ، ١٤٤٥ هـ
فهرسة مكتبة الملك فهد الوطنية أثناء النشر

عبدالعزيز بن باز،
حكم السحر والكهنة - غوجاراتي. / عبدالعزيز بن باز؛
-ط١.- الرياض ، ١٤٤٥هـ

٥٠ ص ؛ ١٤ × ٢١ سم

ردمك: ٤-٣٢-٨٤١٧-٦٠٣-٩٧٨

١٤٤٥ / ١٠٤٨٤

شركاء التنفيذ:

دار الإسلام | جمعية الربوة | رواد الترجمة | المحتوى الإسلامي

يتاح طباعة هذا الإصدار ونشره بأي وسيلة مع الالتزام بالإشارة إلى المصدر وعدم التغيير في النص.

Telephone: +966114454900
ceo@rabwah.sa
P.O.BOX: 29465
RIYADH: 11557
www.islamhouse.com

بسم الله الرحمن الرحيم

અલ્લાહના નામથી શરૂ કરું છું, જે અત્યંત દયાળુ અને કૃપાળુ છે.

# પ્રસ્તાવના

દરેક પ્રકારની પ્રશંસા ફક્ત અલ્લાહ માટે જ છે, અલ્લાહના રસૂલ પર સલામતી થાય, તેમનાં ખાનદાન પર, તેમના સહાબાઓ પર અને તે દરેક વ્યક્તિ પર જે હિદાયતના માર્ગ પર છે, ત્યારબાદ,

જાદુ કબીરહ ગુનાહ માંથી એક છે, આ તે સાત નષ્ટ કરી દેનારી વસ્તુઓ માંથી છે, જેનાથી બચવાનો આદેશ અલ્લાહ તઆલાએ અને તેના પયગંબરે આપ્યો, હાલ જાદુ ખૂબ જ સામાન્ય થઇ ગયું છે અને પ્રક્રિયાઓ વિવિધ થઇ ગઈ છે, તેમજ અલગ અલગ કેફિયત જોવા મળે છે,

ક્યારેક તો તે થ્રિલર ફિલ્મો દ્વારા દિલાસા રૂપે ઠઠ્ઠા મશ્કરીનું નામ આપી કરવામાં આવે છે, તો ક્યારેક કરામત અને પવિત્રતા નામ પર તેની નુમાઈશ કરવામાં આવે છે, કયારેક શરઇ જાડફૂંકની આડમાં તેને કરવામાં આવે છે.

તો ક્યારેક સારવાર માટે દેશી તરીકો અપનાવી તેને કરવામાં આવે છે, આ સિવાય ઘણા તરીકા છે, જેનાથી જાદુ કરવામાં આવે છે, અને અજ્ઞાન, જાહિલ અને દીનથી દુર લોકો આ વસ્તુ જાણતા નથી હોતા.

સઉદી અરબના મુફ્તી પદ સંભાળી રહ્યા શેખ અને તટસ્થ આલિમોની કમિટીના સદર તેમજ ઇલ્મી અને ફતવો આપનાર સંસ્થાના સદર શેખ અબ્દુલ અઝીઝ બિન અબ્દુલ્લાહ બિન બાઝ રહ.ની કિતાબ જાદુના હુકમની સ્પષ્ટતા, તેનાથી સચેત કરવા અને જ્યોતિષીઓ પાસે જવાનો હુકમ પણ વર્ણન કર્યો છે, તેમનો વર્ણન કરવાનો અંદાજ પણ ખૂબ જ સરળ છે, અને કુરઆન મજીદ અને સુન્નતે રસુલના આદેશોથી ભરપૂર કિતાબ છે, એટલા માટે ઇસ્લામી શિક્ષાઓની દેખરેખ કરનાર એકેડમી અને દીનનો પ્રચાર

કરતી દઅવતો ઇરશાદે તેની લોકો સુધી પહોંચાડવા અને પ્રિન્ટ કરવાની જવાબદારી લીધી.

પ્રતિષ્ઠિત શેખની આ કિતાબ જાદુ અને જ્યોતિષીઓ અને જાદુગરો પાસે જવાનો હુકમ દર્શાવતી તેમના મુબારક પ્રયત્નો, લોકો માટે ભલાઇની ઈચ્છા, અને દીન પ્રત્યે ઊંડાણ પૂર્વક જ્ઞાન પ્રાપ્ત કરવા, શરીઅતના આદેશોને સ્પષ્ટ કરવા, જે વસ્તુની રોક લગાવવામાં આવી છે, તેનાથી સચેત કરવા, મુસલમાનો માટે શુભેચ્છુક બનવા, તેઓને અલ્લાહની કિતાબ અને મુહમ્મદની સુન્નતને મજબૂતી સાથે અપનાવવા, સલફના માર્ગ પર ચાલવા, અને તે સિવાય તે અન્ય વિચારો, મસલક અને બાતેલ માનયાતાઓથી દુર રહેવાની દઅવત આપતા પોતાની સતત મહેનત અને અગણિત ભાગીદારીનો એક ભાગ ગણવામાં આવે છે.

આ જ તે તરીકો છે, જેના પર આ પવિત્ર દેશ અને તેની બુદ્ધિશાળી સરકાર ચાલી રહી છે, અલ્લાહ તઆલા તેના પર અડગ રાખે, તેના માટે મદદ, તૌફિક અને સ્ત્રોત ઉભા કરે અને આ કિતાબના લેખક પ્રતિષ્ઠિત શેખ અલ્લામહને શ્રેષ્ઠ બદલો અને ભવ્ય સવાબથી માલામાલ કરી દે.

અમે અલ્લાહથી દુઆ કરીએ છીએ કે આ કિતાબને વાંચનાર, અથવા સાંભળનાર અથવા તે દરેક વ્યક્તિ માટે ફાયદારૂપ બનાવે, જેના સુધી આ કિતાબ પહોંચે. આપણા સૌને કિતાબ અને સુન્નત પર અડગ રહેવાની તૌફિક આપે, અને આપણને શેતાનના વસ્વસા અને તેના માર્ગથી સુરક્ષિત રાખે, ખરેખર અલ્લાહ તઆલા કારસાજ અને તેના પર કુદરત ધરાવે છે, અને અલ્લાહ જ સત્ય માર્ગ તરફ માર્ગદર્શન આપનાર છે. દરૂદ અને સલામ ઉતરે નબી મુહમ્મદ પર અને તેમના ખાનદાનના લોકો પર અને તેમના સહાબાઓ પર.

અબ્દુલ્લાહ બિન અબ્દુલ મુહસિન અત તુર્કી
ઇસ્લામી કારવાઈ અને વકફ અને દઅવત અને ઈરશાદના વઝીર

# જાદુ, જ્યોતિષી અને તેને સંબંધિત વસ્તુઓનો હુકમ

આ લેખનો એક ભાગ પુસ્તકના ત્રીજા ભાગમાં પ્રકાશિત કરવામાં આવ્યો હતો, જેમાં વિવિધ ફતવાઓ અને લેખોનો સંગ્રહ છે જેનું હેડિંગ છે: (જાદુ, જ્યોતિષી અને તેને સંબંધિત વસ્તુઓનો હુકમ). તે અલ-યમામાહ જર્નલ અને ઇસ્લામિક રિસર્ચ જર્નલમાં પ્રકાશિત થયું હતું.

દરેક પ્રકારની પ્રશંસા ફક્ત એક અલ્લાહ માટે છે, અને તે નબી પર દરુદ અને સલામ ઉતરે, જેમના પછી કોઈ નબી અને પયગંબર નહિ આવે. ત્યારબાદ:

વર્તમાન દિવસોમાં કેટલાક લોકો દવા અને સારવારનો દાવો કરે છે, પરંતુ સારવાર જાદુ અને જ્યોતિષી દ્વારા કરતા હોય છે, કેટલાક દેશોમાં તેમની છબી ફેલાઈ ગઈ છે, તેઓ એવા સામાન્ય લોકોને પોતાના શિકાર બનાવે છે, જેમના પર અજ્ઞાનતા અને નાદાની છવાઈ ગયેલી હોય છે, તેને સામે રાખતા અલ્લાહના બંદાઓ માટે ખેરખાહિના હેતુ સાથે યોગ્ય લાગ્યું કે તેમાં ઇસ્લામ અને મુસલમાનો માટે ખૂબ જ ખતરો છે, તેની સ્પષ્ટતા કરું, કારણકે તેમાં અલ્લાહને છોડીને અન્ય સાથે સંબંધ બનાવવા, અલ્લાહ અને તેના રસુલની અવજ્ઞા કરવી ગણવામાં આવશે.

હવે હું અલ્લાહથી મદદ માંગી વર્ણન કરું છું કે નિઃશંક સારવાર કરાવવી અને દવા લેવી જાઈઝ છે , મુસલમાનો માટે જાઈઝ છે કે તેઓ તેમની અંદરની બીમારીઓ માટે અથવા સર્જીકલ બીમારીઓ માટે, હાડકાની બીમારીઓ અને આ પ્રમાણેની દરેક બીમારીઓની સારવાર કરાવવા માટે ડોકટર પાસે જાય, જેથી તે પોતાની બીમારીઓની તપાસ કરાવી શકે અને મેડિકલ જાણ મુજબ તેમજ શરીઅત પ્રમાણે તે હલાલ દવાઓ દ્વારા ઈલાજ કરાવી શકે, કારણકે આ વસ્તુ સામાન્ય સ્ત્રોત અપનાવવા જેવું છે, અને અલ્લાહ પર તવક્કુલ ભરોસો કરવા વિરુદ્ધ નથી, અલ્લાહ ઉચ્ચ અને પવિત્રએ બીમારી ઉતારી સાથે સાથે તેની દવા પણ ઉતારી, કોઈને તેની જાણ થઈ તો કોઈને તેનાથી

વંચિત રહ્યો, પરંતુ (યાદ રાખવા જેવી બાબત છે) કે અલ્લાહએ પોતાના બંદાઓની સારવાર હરામ કામોમાં નથી રાખી.

એટલા માટે બીમાર માટે જાઈઝ નથી કે પોતાની બીમારીઓ માટે તે જ્યોતિષીઓ પાસે જાય, જેઓ ગેબી ઇલ્મ (અદ્રશ્યનું જ્ઞાન)નો દાવો કરતા હોય છે, એવી જ રીતે તેમણે જણાવેલ વાતોની પુષ્ટિ કરવી પણ જાઈઝ નથી, કારણકે તેઓ વ્યર્થ ગેબી વાતો કરતા હોય છે, અથવા તેઓ જિનોને તલબ કરે છે અને પોતાની ઈચ્છા પૂરી કરવાની મદદ માંગતા હોય છે, આવા લોકોનો હુકમ, જો તેઓ ગેબી વાતનો દાવો કરતા હોય તો તેઓ કાફિર અને ગુમરાહ લોકો છે,

મુસ્લિમે પોતાની સહીહમા રિવાયત કરી છે કે આપ સલ્લલ્લાહુ અલયહિ વસ્સલમેં કહ્યું: જે વ્યક્તિ જ્યોતિષ પાસે જાય અને કોઈ વસ્તુ બાબતે તેને પૂછી લે તો તે વ્યક્તિની ચાળીસ દિવસની નમાઝ કબૂલ નથી થતી.

જે કોઈ વ્યક્તિ જ્યોતિષ પાસે ગયો અને તેણે જણાવેલ વાતોની પુષ્ટિ કરી, તો તેણે તે દીનનો ઇન્કાર કર્યો, જે ﷺ પર ઉતારવામાં આવ્યો.

આ હદીષ અબૂ હુરેરહ રઝી. રિવાયત કરે છે, આ હદીષને અબૂ દાવુદે રિવાયત કરી છે, અને સુનન અરબઅના લેખકોએ પણ આ હદીષ વર્ણન કરી છે, તેમની રિવાયતને હાકિમે સહીહ કહી છે.

જે કોઈ વ્યક્તિ કોઈ અર્રાફ અથવા જ્યોતિષ પાસે ગયો તો તો તેણે તે દીનનો ઇન્કાર કર્યો જે ﷺ પર ઉતારવામાં આવ્યો.

આ હદીષ અલ્ બઝ્ઝારે જયયિદ સનદ સાથે રિવાયત કરી છે.

જે કોઈ વ્યક્તિ કોઈ અર્રાફ અથવા જ્યોતિષ પાસે ગયો તો તેણે તે દીનનો ઇન્કાર કર્યો જે ﷺ પર ઉતારવામાં આવ્યો.

## જાદુ અને જ્યોતિષીનો હુકમ દર્શાવતી એક પુસ્તિકા

ઇમરાન બિન હુસેન રિવાયત કરે છે કે આપ ﷺ રિવાયત કરી છે

આ હદીષોમાં જ્યોતિષીઓ, ભવિષ્યવાણી કરનાર અને જાદુગરો અને આવા લોકો પાસે જવાથી અને તેમને કંઈ પણ પૂછવાથી રોક્યા છે, અને તેના માટે ચેતવણી, વઇદ સંભળાવી છે.

એવી જ રીતે હાકિમો અને દીનનો પ્રચાર કરનાર અને આ પ્રમાણે તે દરેક પ્રતિષ્ઠિત લોકોની ફરજ બને છે કે જ્યોતિષીઓ અને ભવિષ્યવાણી કરનારનો ઇન્કાર કરે, અને જે વ્યક્તિ બજાર અને ડંકાની ચોટ પર આ કામ કરતો હોય તેને રોકે અને સખત તરીકાથી એક્સન લે, અને સાથે સાથે જે લોકો તેમની પાસે જાય છે તેમનો પણ સખત ઇન્કાર કરે,

અને એ પણ જાઈઝ નથી કે કેટલીક બાબતોમાં તેમની સચ્ચાઈ અને ઘણા લોકો તેમની પાસે આવવાથી ધોખો ખાવામાં આવે, કારણકે આ લોકો જાહિલ અને અજાણ લોકો છે, તે લોકોથી લોકોએ ધોખો ન ખાવો જોઈએ, એટલા માટે કે આપ સલ્લલ્લાહુ અલયહિ વસ્સલમે તેમની પાસે જવાથી અને તેમની પુષ્ટિ કરવાથી રોક્યા છે, કારણકે તેનાથી મોટી બુરાઈ, ખતરનાક પાપ અને ખરાબ અંજામ સાબિત થાય છે, અને તે લોકો વિદ્રોહી અને જુઠા લોકો હોય છે.

હદીષો એ વાતની પુષ્ટિ કરે છે જ્યોતિષ અને જાદુગર કાફિર છે, કારણકે તેઓ ગેબના ઇલ્મનો દાવો કરે છે , જે કુફ્ર છે, અને એટલા માટે પણ કે તેઓ પોતાના મકસદમાં ત્યાં સુધી સફળ થતા નથી, જ્યાં સુધી જિનોથી મદદ ન લે, અને તેમની ઈબાદત ન કરે, જે અલ્લાહ સાથે કૂફ્ર અને શિર્ક છે, જે વ્યક્તિ ગેબના ઇલ્મનો દાવો કરે છે, તે પણ તેમના જેવા છે, અને તે દરેક વ્યક્તિથી જેઓ આ પ્રમાણે કરનારની જાણકારી પ્રાપ્ત કરે તો રસુલ ﷺ તેનાથી અળગા છે.

કોઈ મુસલમાન માટે જાઈઝ નથી કે સારવારના નામ પર જાદુગર વગેરે જેવા લોકો જે વસ્તુ માંગે તેને માની લે, જેવું કે જે વાતો સમજમાં ન આવે (તલાસિમ) એવી વાતોને ખાનાઓમાં લખવી, અથવા કાચ પર કંઈક કરવું, અને આ પ્રમાણેના દરેક તરીકા જે તેઓ કરતા હોય છે, તે જ્યોતિષી ગણવામાં આવશે, અને લોકોમાં શંકાઓ ઉભી કરવી ગણાશે, અને જે વ્યક્તિ આ દરેક કામથી ખુશ થશે તો તેણે બાતેલ અને કૂફરની મદદ કરી.

એવી જ રીતે કોઈ મુસલમાન માટે એ પણ જાઈઝ નથી કે તેમની પાસે જઈ આવા સવાલ કરે કે મારા દીકરા અથવા તેના નજીકના સંબંધીના લગ્ન કોની સાથે થશે, અથવા પતિપત્ની અને તે બન્નેના ખાનદાન વચ્ચે કેટલા અંશે મોહબ્બત, વફાદારી અથવા દુશમની અને શત્રુતા અથવા જુદાઈ કેટલી હશે તો આ દરેક વાતો ગેબના ઇલ્મ માંથી છે, જેનું ઇલ્મ ફક્ત અલ્લાહ પાસે જ છે, તેના સિવાય કોઈની પાસે નથી.

જાદુ કૂફર સુધી પહોંચાડનાર હરામ કામો માંથી છે, જેવું કે અલ્લાહ તઆલાએ સૂરે બકરહમાં બે ફરિશ્તા વિશે કહ્યું: તે બન્ને પણ કોઇ વ્યક્તિને તે સમય સુધી નહોતા શિખવાડતા, જ્યાં સુધી કે આવું ન કહી દે કે અમે તો એક આઝમાયશ છે, તું કાફિર ન બન, તો પણ તે લોકો તે બન્ને પાસેથી એવી વાતો શીખતાં, જેના વડે પતિ પત્નિ વચ્ચે વિચ્છેદ ઉભો થાય જો કે તેઓ અલ્લાહ તઆલાની ઇચ્છા વગર કોઇને નુકસાન પહોંચાડી શકતા ન હતા, આ લોકો એવી વાતો શિખે છે, જે વાતો તેમને નુકસાન પહોંચાડતી અને ફાયદો ન પહોંચાડી શકે અને તે સારી રીતે જાણતા હતા, જેઓએ (ઉપર વર્ણવેલ) વાતોને ખરીદી તેને માટે આખિરતમાં કોઇ ભાગ નથી, કેટલી ખરાબ વસ્તુ છે જેના બદલામાં તે પોતાને વેચી રહ્યા છે, કદાચ કે આ લોકો જાણતા હોત. [સૂરે બકરહ: ૧૦૨]

આ આયત એ વાત પર પુષ્ટિ કરે છે કે જાદુ કૂફર છે અને જાદુગર પતિપત્ની વચ્ચે જુદાઈ નાખી દે છે, એવી જ રીતે આ આયત એ વાતની પણ પુષ્ટિ આપે છે કે જાદુ પોતે કોઈને નુકસાન નથી પહોંચાડી શકતું પરંતુ અલ્લાહની એક બીજી તકદીરી

પરવાનગીના કારણે અસરકારક થાય છે, કારણકે અલ્લાહ તઆલા એ જ ભલાઈ અને બુરાઈને પેદા કરી છે, આવા જુઠા લોકોથી, જે લોકોએ આ ઇલ્મ કાફિર અને મુશરિકો પાસેથી વારસારૂપે મળ્યું અને તે લોકોએ નબળી બુદ્ધિના લોકોને પોતાના શિકાર બનાવ્યા, ઘણું નુકસાન થયું છે, અને આ બાબતે ખૂબ જ ખતરનાક દિશા અપનાવી લીધી, ( અમને અલ્લાહ જ પૂરતો છે અને તે સૌથી શ્રેષ્ઠ કારસાજ છે).

એવી જ રીતે આ આયત એ વાતની પણ પુષ્ટિ કરે છે કે જે લોકો જાદુ શીખે છે, તે લોકો એવી વસ્તુ શીખે છે કે તેમના ફાયદાના બદલામાં નુકસાનનું કારણ બને છે, અને તેમના માટે અલ્લાહ પાસે કોઈ ભાગ નથી, આ મોટી ચેતવણી છે, જે આ વાતની પુષ્ટિ આપે છે કે દુનિયા અને આખિરતમાં તેમના માટે ખૂબ જ નુકસાન અને ખેદ છે, અને તે લોકોએ ખૂબ જ સામાન્ય કિંમત પર પોતાને વેચી નાખ્યા, એટલા માટે જ અલ્લાહ તઆલાએ જે ઉચ્ચ અને પવિત્ર છે, આવા લોકોની સખત નિંદા કરતા કહ્યું:કેટલી ખરાબ વસ્તુ છે જેના બદલામાં તે પોતાને વેચી રહ્યા છે, કદાચ કે આ લોકો જાણતા હોત. [સૂરે બકરહ: ૧૦૨] (અહીંયા આયતમાં શિરાઅ અર્થાત વેચી દીધી.

આપણે અલ્લાહથી દુઆ કરીએ કે અલ્લાહ આપણને દરેક જાદુગરો, જ્યોતિષીઓ અને આવા જુઠા લોકોથી બચાવે. અમે એ પણ દુઆ કરીએ છીએ કે અલ્લાહ મુસલમાનોને તેમની બુરાઈથી બચાવીને રાખે, અને મુસલમાન આગેવાનોને એ તૌફીક આપે કે આ વાતથી તેઓને સચેત કરે, અને તેમના વિશે જે અલ્લાહએ આદેશ આપ્યો છે તેને અમલમાં લાવે, જેથી તેમના નુકસાન અને ખબીષ અમલોથી લોકો સુરક્ષિત રહે , ખરેખર અલ્લાહ અત્યંત દાનવીર અને આપનાર છે.

અલ્લાહ તઆલાએ બંદાઓ માટે જાદુ થતા પહેલા તેની બુરાઈથી બચવાના સ્રોત જણાવ્યા છે, અને અલ્લાહ પોતાના બંદાઓ પર રહેમ ખાતા તેમના પર કૃપા અને એહસાન કરતા તેમના પર પોતાની નેઅમત પુરી કરતા તેમની સમક્ષ એ પણ સ્પષ્ટતા

કરી દીધી છે કે જ્યારે જાદુ થાય તો શું કરવું જોઈએ અને તેની સારવાર કઈ રીતે કરવી જોઈએ.

આગળ તે બાબતો જણાવવામાં આવશે જેને અપનાવવાથી જાદુ થતા પહેલા તેના નુકસાનથી બચી શકાય છે, અને શરીઅતમા તે મુબાહ (જાઈઝ) કામોનું પણ વર્ણન કરવામાં આવશે, કે જો જાદુ થઈ ગયા પછી તેની સારવાર કરી શકાય.

તે બાબતો, જે જાદુ થતા પહેલા તેની ભયાનકતાથી બચી શકાય છે, તેમાંથી સૌથી અસરકારક અને અગત્યનો તરીકો આ છે, શરીઅતે જણાવેલ ઝિકર, સુન્નતથી સાબિત દુઆઓ, અને જે સાબિત પનાહ માંગવાની દુઆઓ છે તેના દ્વારા શરણ પ્રાપ્ત કરવામાં આવે, જેવું કે દરેક ફર્ઝ નમાઝ પછી શરીઅતે જણાવેલ ઝિકરથી ફારીગ થઈ આયતુલ્કુરસીની તિલાવત કરવી, એવી જ રીતે સૂતા પહેલા તે આયતની તિલાવત કરવી, આયતુલ્ કુરસી કુરઆન મજીદની સૌથી મોટી આયત છે, અલ્લાહ તઆલાનું આ ફરમાન છે: અલ્લાહ સિવાય કોઈ જ ઇલાહ નથી, જે હંમેશાથી જીવિત છે અને સૌને સંભાળી રાખનાર છે, જેને ન ઉંઘ આવે છે ન નિંદ્રા, આકાશો અને ધરતીમાં જે કંઈ પણ છે, દરેક તેનું જ છે કોણ છે, જે તેની પરવાનગી વગર તેની સામે ભલામણ કરી શકે? જે કંઈ લોકોની સામે છે, તે તેને પણ જાણે છે અને જે કંઈ તેમનાથી અદ્રશ્ય છે, તેને પણ જાણે છે, તેઓ તેના જ્ઞાન માંથી કોઇ વસ્તુનો ઘેરાવ નથી કરી શકતા પરંતુ જેટલું તે ઇચ્છે, તેની કુરસીની ચોડાઇએ ધરતી અને આકાશને ઘેરી રાખ્યા છે અને અલ્લાહ તઆલા તેની દેખરેખથી થાકતો નથી, તે તો ઘણો જ મહાન અને ઘણો જ મોટો છે. [સૂરે બકરહ: ૨૫૫]

તે તિલાવત માંથી: હે પયગંબર ! કહી દો, અલ્લાહ એક જ છે. [સૂરે ઇખલાસ: ૧]

અને: તમે કહી દો ! કે હું સવારના પાલનહારની શરણમાં આવું છું. [સૂરે ફલક: ૧]

અને કહ્યું: તમે કહી દો ! કે હું લોકોના પાલનહારની શરણમાં આવું છું. [સૂરે નાસ: ૧]

દરેક ફર્ઝ નમાઝ પછી, ફજરની નમાઝ પછી ત્રણ વખત અને સાંજે મગરિબની નમાઝ પછી ત્રણ વખત અને સૂતા સમયે આ સૂરતોની તિલાવત કરવી, એવી જ રીતે રાતના શરૂઆતમાં સૂરે બકરહની છેલ્લી બે આયતોની તિલાવત કરવી જોઈએ : અલ્લાહ કહે છે,

પયગંબરો પર જે કંઈ તેમના પાલનહાર તરફથી ઉતર્યું, તેના પર તે પોતે પણ ઇમાન લાવ્યા અને સૌ ઇમાનવાળાઓ પર ઈમાન લાવ્યા, તેઓ અલ્લાહ તઆલા, અને તેના ફરિશ્તાઓ પર અને તેની કિતાબો પર અને તેના પયગંબરો પર ઇમાન લાવે છે, અને કહે છે કે અમે પયંગબરો માંથી કોઇ પયગંબર વચ્ચે તફાવત નથી કરતા, તેઓએ કહે છે કે અમે આદેશો સાંભળ્યા અને આજ્ઞાનું પાલન કર્યું, હે અમારા પાલનહાર ! અમે તારી માફી ઇચ્છીએ છીએ અને અમને તારી જ તરફ પાછા ફરવાનું છે. સૂરે બકરહ : ૨૮૫ આના પછીની એક આયત પણ.

એવી જ રીતે આપ ﷺ થી સાબિત છે, આપ ﷺએ કહ્યું: જે વ્યક્તિ રાતમાં આયતુલ કુરસીની તિલાવત કરે છે, તો અલ્લાહ તરફથી તેના માટે એક સંરક્ષક નક્કી કરવામાં આવે છે, અને સવાર સુધી શેતાન તેની નજીક પણ નથી આવી શકતો.

એક બીજી હદીષમાં છે કે આપ ﷺએ કહ્યું: જે વ્યક્તિ રાતમાં સૂરે બકરહની છેલ્લી બે આયતો પઢી લે તેના માટે તે બન્ને આયતો પૂરતી બની જાય છે.

અર્થાત અલ્લાહ વધુ જાણે છે કે તે બન્ને દરેક બુરાઈ માટે પૂરતી બની જાય છે, એવી જ રીતે રાત્રે અને દિવસે અને કોઈ જગ્યાએ પડાવ કરતી વખતે (અલ્લાહએ પેદા કરેલ સર્જનીઓની બુરાઈથી અલ્લાહના સંપૂર્ણ કલીમા દ્વારા) તેનું શરણ માગવું જોઈએ , ભલે ને તે જગ્યા ઇમારત હોય અથવા મેદાન, ફિઝા હોય કે સમુદ્ર કારણકે આપ ﷺની હદીષ છે:જે વ્યક્તિ કોઈ જગ્યાએ પડાવ નાખે અને આ દુઆ પઢી લે, (હું અલ્લાહએ પેદા

કરેલ સર્જનીઓની બુરાઈથી અલ્લાહના સંપૂર્ણ કલિમાતની પનાહમાં આવું છું) તો ત્યાંથી બીજી જગ્યાએ નીકળ્યા સુધી કોઈ વસ્તુ નુકસાન નથી પહોંચાડી શકતી.

એવી જ રીતે એક મુસલમાને સવાર સાંજ આ દુઆ ત્રણ વખત પાબંદી સાથે પઢવી જોઈએ, (તે અલ્લાહના નામ સાથે શરુ કરું છે, જેનું નામ હોવાથી કોઈ નુકસાન પહોંચાડી શકતું નથી, ભલેને તે વસ્તુ જમીનની હોઈ કે આકાશની, અને તે અલ્લાહ સાંભળવાવાળો અને જાણવાવાળો છે)

કારણકે અલ્લાહના રસુલથી સાબિત છે કે આપ ﷺએ તાકીદ કરી છે અને એટલા માટે પણ કે આ દુઆ દરેક બુરાઈથી સુરક્ષિત રહેવાનું કારણ બને છે,

આ ઝિકર અને પનાહ માંગવાની દુઆઓ જાદુ અને અન્ય બુરાઈથી બચવા માટે મજબૂત સ્રોત છે, તે દરેક વ્યક્તિ માટે જે સાચા દિલથી ઈમાન અને યકીન સાથે અલ્લાહ પર ભરોસો, અને તેના અર્થ તેમજ સમજુતી સમજીને ખુલ્લા હૃદય સાથે યકીન કરતા પાબંદી સાથે તેને પઢે, અને એવી જ રીતે જો જાદુ થઈ હોય તો પણ જાદુને દૂર કરવા માટે આ ઝિકર અને દુઆઓ એક ભવ્ય હથિયાર છે, સાથેસાથે અલ્લાહ સામે આજીજી અને પોતાના ગુનાહો પર રડવું જોઈએ અને આ દુઆ કરવામાં આવે કે પરેશાનીને દૂર કરી દે અને મુસીબતથી નજાત આપ,

જાદુ વગેરેથી થતી બીમારીઓથી છુટકારા માટે આપ ﷺ થી કેટલીક દુઆઓ સાબિત છે, અને જેના દ્વારા આપ ﷺ પોતાના સહાબાઓને દમ કરતા હતા: હે અલ્લાહ ! હે લોકોના પાલનહાર ! પરેશાનીને દૂર કરનાર, શિફા આપ, તું જ શિફા આપનાર છે, તારા સિવાય કોઈ શિફા આપનાર નથી, એવી શિફા જે બીમારીને બાકી ન રહેવા દે.આ દુઆને ત્રણ વખત પઢવામાં આવે.

એવી જ રીતે એક દુઆ આ પણ, જેના વડે જિબ્રઇલ અ.સ.એ આપ ﷺ પર દમ કર્યું હતું તે દુઆ નીચે વર્ણન કરવામાં આવે છે: હું અલ્લાહનું નામ લઈ તમારા પર

દમ કરૂં છું, તે દરેક વસ્તુથી જે તમને તકલીફ પહોંચાડે, અને દરેક સજીવ, અથવા હસદ કરનારની નજરની બુરાઈથી, (સુરક્ષા માટે) અલ્લાહ તઆલા તમને શિફા આપે, હું અલ્લાહના નામ વડે તમારા પર દમ કરૂં છું. આ દુઆને ત્રણ વખત પઢવામાં આવે

જાદુ થયા પછી જ્યારે પતિને જ્યારે પોતાની પત્ની સાથે સમાગમ કરવામાં કઈ રોક લાગે તો તેનો એક ફાયદાકારક ઈલાજ આ છે, લીલાછમ બોરીના સાત પાંદડા લેવામાં આવે તેને પથ્થર વગેરેથી ટીપી નાખે, તેના પર એટલું પાણી નાખો, જેટલું સ્નાન કરવા માટે પૂરતું હોય, અને તેના પર આ આયતો પઢો.

આયતુલ્ કુરસી, સૂરે કાફિરુન, સૂરે ઇખલાસ, સૂરે ફલક, સૂરે નાસ, અને જાદુને તે આયતો જે સૂરે અઅરાફમા આવે છે, તેમાં અલ્લાહ તઆલા કહે છે: અને અમે મૂસા તરફ વહી કરી કે હવે તું પણ પોતાની લાકડી નાખી દો, (જેવી જ લાકડી નાખી અને તે અજગર બની) તે દરેક વસ્તુ ગળવા લાગ્યો, જે તેમણે જૂઠી ઘડી હતી. બસ ! સત્ય વાત જાહેર થઇ ગઇ અને તેઓએ જે કંઈ પણ બનાવ્યું હતું, બધું ખત્મ થઇ ગયું. બસ ! તે લોકો આ સમયે હારી ગયા અને ખૂબ જ અપમાનિત થઇ પાછા ફર્યા. [સૂરે અઅરાફ: ૧૧૭-૧૧૯]

અને સૂરે યુનુસની આયત પણ તિલાવત કરવી. અલ્લાહ તઆલા કહે છે: અને ફિરઔને કહ્યું કે મારી પાસે દરેક નિષ્ણાંત જાદુગરોને ભેગા કરી દો. પછી જ્યારે જાદુગરો ભેગા થયા તો મૂસાએ તેમને કહ્યું કે નાંખો, જે કંઈ પણ તમે નાંખવાના છો, તો જ્યારે તે લોકોએ નાંખ્યું તો મૂસાએ કહ્યું કે આ જે કંઈ પણ તમે લાવ્યા છો, જાદુ છે, નિ:શંક અલ્લાહ હમણાં જ આને અસ્તવ્યસ્ત કરી દેશે, અલ્લાહ આવા વિદ્રોહી લોકોનું કામ સફળ નથી થવા દેતો. અને અલ્લાહ તઆલા સત્યને પોતાના આદેશો દ્વારા સાબિત કરી દે છે, ભલેને અપરાધી પસંદ ન કરે. [સૂરે યુનુસ: ૭૯-૮૨], મૂસાને કહેવા લાગ્યા કે, હે મૂસા ! તમે નાખો છો અથવા અમે પહેલા અમે નાખીએ? મૂસાએ કહ્યુ કે તમે જ પહેલા નાંખો, તેમના જાદુના અસરથી એવું લાગતું હતું કે તેમની દોરીઓ અને લાકડીઓ દોડી રહી છે.આ જોઈ

મૂસા મનમાં ને મનમાં ભયભીત થયા. અમે (વહી દ્વારા) તેમને કહ્યું ભયભીત ન થાઓ, તમે જ વિજય મેળવશો, અને જે તમારા જમણા હાથમાં જે છે, તેને નાંખી દો, કે તેમની દરેક કારીગરીને ગળી જાય. તેઓએ જે કંઇ પણ બનાવ્યું છે આ તો ફક્ત જાદુગરોની યુક્તિઓ છે અને જાદુગરો ગમે ત્યાંથી આવે, સફળ નથી થતા. [સૂરે તોહા: ૬૫-૬૯]

જે આયતોનું વર્ણન કરવામાં આવ્યું તેમને પાણીમાં પઢયા પછી ત્રણ ચંબુ પાણી પી લેવું અને બીજા પાણીથી સ્નાન કરી લેવું, એવી રીતે બીમારી દૂર થઈ જશે, ઇન્ શાઅ અલ્લાહ, જો એકથી બે અથવા એના કરતાં વધારે પાણીના ઉપયોગની જરૂર પડે તો પણ કંઈ વાંધો નથી. અહીં સુધી કે બીમારી દૂર થઈ જાય.

જાદુ માટે એક બીજી સારવાર પણ આ પ્રમાણે છે, જે ફાયદાકારક છે, કે જાદુની જગ્યા જાણવાનો પ્રયત્ન કરવામાં આવે કે તે ધરતી પર છે કે પહાડ પર, જ્યારે જાદુની જગ્યા ખબર પડી જાય તો તેને કાઢી ફેંકી દેવામાં આવે, તો જાદુનો અસર ખત્મ થઈ જશે.

આ તે બાબતો હતી જેનાથી જાદુથી બચી શકાય અથવા તેની સારવાર કરવામાં આવે, અલ્લાહ જ તૌફિક આપનાર છે.

અચ્છા તે વાત, જાદુગરોના અમલથી જાદુનો ઈલાજ કરવાની જેવું કે જાનવર ઝબહે કરી અથવા અન્ય કુરબાનીઓ દ્વારા જિનોની નિકટતા પ્રાપ્ત કરવા માટે કરવામાં આવે છે, તો આ જાઈઝ નથી, કારણકે આ શેતાની અમલ અને શિર્કે અકબર છે, તેનાથી બચવું જરૂરી છે, એવી જ રીતે જ્યોતિષીઓ, તારા જોઈને બતાવનાર અને અન્ય લોકોથી તેનો ઈલાજ કરાવવો, અને તેમણે જણાવેલ યુક્તિઓ પ્રમાણે જણાવવું જાઈઝ નથી, કારણકે તેઓ ઈમાન નથી રાખતા, પરંતુ જુઠા અને પાપી હોય છે, જેઓ ગેબના ઇલ્મનો દાવો કરે છે, અને લોકોમા શંકાઓ ઉભી કરતા હોય છે, રસુલ ﷺ એ તેમની પાસે જવા, તેમની પાસે સવાલ કરવા, અને તેમની વાતોની પુષ્ટિ કરવાથી રોક્યા છે, જેવું કે આ પુસ્તિકાની શરૂઆતમા સ્પષ્ટતા થઈ ગઈ છે. આ શેતાની કાર્યો માંથી છે.

આપ ﷺ પાસે જ્યારે નુશરહ વિશે પૂછવામાં આવ્યું તો આપ ﷺએ કહ્યું: કે (તે શેતાની અમલ માંથી છે)

તેને ઇમામ એહમદે અને અબૂ દાવૂદે જયયીદ સનદ સાથે રિવાયત કરી છે, નુશરહનો અર્થ થાય છે, જે વ્યક્તિ પર જાદુ કરવામાં આવ્યું હોય તેનાથી જાદુ દૂર કરવું, વર્ણવેલ આપ ﷺની હદીષ પ્રમાણે નુશરહ માટેની તે રીત છે, જે અજ્ઞાનતાના સમયે કરતા હતા, એવી રીતે કે જાદુ કરવાવાળાને કહેવામા આવે કે તે જાદુને દુર કરવામાં આવે, અથવા કોઈ બીજા જાદુગર વડે તેના જેવું જ બીજા જાદુ કરી તેને દૂર કરવામાં આવે.

હા ! જ્યાં સુધી રુકિયયહ શરઇયહની વાત છે તેમજ હલાલ દવાઓ અપનાવી અને એવી જ રીતે પનાહ માંગવાની જે દુઆઓ છે, તેના દ્વારા જાદુનો ઈલાજ કરવામાં કઈ વાંધો નથી, જેવું કે વર્ણન થઈ ગયું છે.

તેની સ્પષ્ટતા અલ્લામહ ઈબ્નુલ્ કય્યિમ રહ.એ અને ફતહુલ્ મજીદમા શેખ અબ્દુર રહમાન બિન હસને કરી છે, અલ્લાહ તે બન્ને આલિમો પર પોતાની રહેમત ઉતારે, તે સિવાય અન્ય આલિમોએ પણ આ વાતની સ્પષ્ટતા કરી છે.

અલ્લાહથી દુઆ છે કે દરેક પ્રકારની બુરાઈથી બચવાની તૌફીક આપે, તેમના દીનની સુરક્ષા કરે, તેમને દીનનું ઠોસ જ્ઞાન આપે, અને તે દરેક અમલથી તેમને બચાવે, જે કુરઆન અને હદીષ વિરુદ્ધ હોય, અલ્લાહ તઆલા પોતાના બંદા અને રસુલ મુહમ્મદ ﷺ પર તેમના ખાનદાન વાળા પર અને તેમના સહાબા પર સલામતી ઉતારે.

# પત્નીનું પતિ પર જાદુ કરવું

જવાબ તેમના પ્રતિષ્ઠિત કાર્યાલય દ્વારા જારી કરવામાં આવ્યો હતો: 9/11/1387 હિજરીસનમાં - બિન બાઝ રહ. મજમુઉલ ફતાવા વ મકલાતિ મુતનવવિઅતુ (4/431-432)]

અબ્દુલ અઝીઝ બિન અબ્દુલ્લાહ બિન બાઝ તરફથી, વ્હાલા ભાઈ માટે...

અસ્સલામુઅલયકુમ વરહમતુલ્લાહિ વબરકાતુહૂ

મને તમારો પત્ર આ તારીખે (વર્ણન નથી) મળ્યો, અલ્લાહ તમને પોતાની હિદાયત નસીબ કરે,.આ પત્રમાં તમે એ સ્પષ્ટતા કરી છે કે જ્યારે તમે પોતાની નવી પત્ની સાથે સમાગમ કરવા ગયા તો તમને કઈ પરેશાની આવી, તમે ફલાણા શેખ પાસે ગયા તેઓએ તમને ફતવો પણ આપ્યો, અને તમારી જૂની પત્નીએ એવું જાદુ કર્યું કે જે નવી પત્ની સાથે સમાગમને અટકાવવાનું કારણ બન્યું, અને તમે તે બાબતે સવાલ કર્યો છે, જે જાણીતી વાત છે.

જવાબ: જો તમારી જૂની પત્નીએ આ કામનો એકરાર કર્યો હોય અથવા આ બાબત તેના દ્વારા સ્પષ્ટ થઈ ગઈ હોય તો તેણીએ ઘણો મોટો ગુનોહ કર્યો છે, જો કે કૂફર અને ગુમરાહી છે, કારણકે જાદુ હરામ કામ માંથી છે, અને જાદુ કરનાર કાફિર છે, જેવું કે અલ્લાહ તઆલા કહે છે: અને (યહૂદી તૌરાતને છોડીને ) તે વસ્તુની પાછળ લાગી ગયા જેને શૈયતાનો સુલૈમાનના રાજ્યમાં પઢતા હતા, સુલૈમાનએ કોઈ કૂફરનું (કામ) નહતું કર્યું, પરંતુ આ કૂફર તો જાદુ શીખવાડનાર શૈતાનો કરતા હતા, અને (યહૂદી તે વસ્તુની પણ પાછળ લાગી ગયા) જે બાબિલમાં હારૂત અને મારૂત બન્ને ફરિશ્તાઓ પર જે અવતરિત કરવામાં આવ્યું હતું, તે બન્ને પણ કોઇ વ્યક્તિને તે સમય સુધી નહોતા શિખવાડતા, જ્યાં સુધી કે આવું ન કહી દે કે અમે તો એક

આઝમાયશ છે, તું કાફિર ન બન, તો પણ તે લોકો તે બન્ને પાસેથી એવી વાતો શીખતાં, જેના વડે પતિ પત્નિ વચ્ચે વિચ્છેદ ઉભો થાય જો કે તેઓ અલ્લાહ તઆલાની ઇચ્છા વગર કોઇને નુકસાન પહોંચાડી શકતા ન હતા, આ લોકો એવી વાતો શિખે છે, જે વાતો તેમને નુકસાન પહોંચાડતી અને ફાયદો ન પહોંચાડી શકે અને તે સારી રીતે જાણતા હતા, જેઓએ (ઉપર વર્ણવેલ) વાતોને ખરીદી તેને માટે આખિરતમાં કોઇ ભાગ નથી, કેટલી ખરાબ વસ્તુ છે જેના બદલામાં તે પોતાને વેચી રહ્યા છે, કદાચ કે આ લોકો જાણતા હોત. [સૂરે બકરહ: ૧૦૨]

આ આયતથી જાણવા મળ્યું કે જાદુ કરવું કૂફર છે, અને જાદુગર કાફીર છે, જાદુ કરનાર એવું ઇલ્મ પ્રાપ્ત કરી રહ્યા છે, જે તેમને ફાયદો નથી પહોંચાડતો પરંતુ નુકસાન પહોંચાડે છે , તેમનો એક હેતુ એ હોય છે કે પતિપત્નીમાં જુદાઇ નાખી દે, અને તેમના માટે કયામતના દિવસે  અલ્લાહ પાસે કોઈ ભાગ નથી, અર્થાત તેમના માટે છુટકારા માટે કોઈ માર્ગ નહીં હોય, સહીહ હદીષમાં આપ ﷺ કહે છે: સાત નષ્ટ કરી દેનારી વસ્તુઓ (ગુનાહ) થી બચો, પૂછવામાં આવ્યું, હે અલ્લાહના રસુલ ! તે ક્યાં છે? આપ ﷺએ કહ્યું, (અલ્લાહ સાથે કોઈને ભાગીદાર બનાવવા, જાદુ કરવું, કોઈનું કતલ કરવું, જે અલ્લાહએ હરામ કર્યું છે, પરંતુ સત્ય સાથે, વ્યાજ ખાવું, અનાથનો માલ હડપવો, યુદ્ધના મેદાનથી ભાગી જવું અને નિદોર્ષ સ્ત્રી પર આરોપ મુકવો.

હવે તે વાત જે શેખે તમને દવા આપી તો જાહેર તો એવું જ થાય છે કે તે તમારી જૂની સ્ત્રી માફક જ જાદુગર છે, કારણકે જાદુના કાર્યો ફક્ત જાદુગરો જ જાણતા હોય છે, તે પણ કેટલાક વિખ્યાત જ્યોતિષીઓ માંથી એક છે, જેઓ ઘણી બાબતોમાં ગેબનું ઇલ્મ જાણવાનો દાવો કરતા હોય છે, દરેક મુસલમાન માટે જરૂરી છે કે તેમનાથી ખબરદાર રહે, અને ગેબના ઇલ્મમાં તેમની વાતોની પુષ્ટિ ન કરવી જોઈએ. કારણકે આપ ﷺની હદીષ છે: જે વ્યક્તિ જ્યોતિષ પાસે જાય અને કોઈ

વસ્તુ બાબતે તેને પૂછી લે તો તે વ્યક્તિની ચાળીસ દિવસની નમાઝ કબૂલ નથી થતી.

આ હદીષને મુસ્લિમે પોતાની સહીહમાં વર્ણન કરી.અને આપ ﷺએ એ પણ કહ્યું: જે કોઈ વ્યક્તિ કોઈ અર્રાફ  અથવા જ્યોતિષ પાસે ગયો તો તો તેણે તે દીનનો ઇન્કાર કર્યો જે મુહમ્મદ ﷺ પર ઉતારવામાં આવ્યો.

એટલા માટે જરૂરી છે કે જે ગુનોહ તમારાથી થયો છે, તેનાથી અલ્લાહ પાસે તૌબા કરો, અને તેના પર અફસોસ કરે, એવી જ રીતે કમીટી (ભલાઈના આદેશ અને બુરાઈથી રોકવાનું કામ કરતી કમિટી)ના પ્રમુખ અને ઉચ્ચ પદના જવાબદાર વ્યક્તિને પેલા શેખ અને પોતાની જૂની પત્ની વિશે જરૂર જણાવશો, જેથી કમિટી અને ન્યાયાધીશ બન્ને મળી તે લોકોને સચેત કરે અને રોકે, જ્યારે તમારી સાથે આ પ્રમાણે થાય તો તમે પણ આલિમોને પૂછી લેવું જોઈએ, જેથી તેઓ તમને સચોટ ઈલાજ બતાવી શકે, અલ્લાહ તઆલા અમને અને તમને દીનની સમજ આપે, અને તેના પર સાબીત કદમ રાખે, અને દીનવિરુદ્ધ કાર્યોથી રક્ષા કરે, ખરેખર તે ખૂબ જ દાનવીર અને દયાળુ છે.

વઅલયકુમુસ્ સલામ વરહમતુલ્લાહિ વબરકાતુહૂ...

# જાદુગરો અને મેલી વિદ્યા કરનાર પાસે સવાલ કરવાનો હુકમ

આ સવાલ જવાબ બરનામીજ (નૂર અલીદ્દ દરબ) તરફથી બિન બાઝ રહ. મજમુઉલ ફતાવા વ મકલાતિ મુતનવવિઅતુ (4/431-432)]

સવાલ: સ.અ.બ. રિયાજથી એક ભાઈ સવાલ કરે છે કે યમનના કેટલાક વિસ્તારોમાં કેટલાક લોકો છે, જેમને (અસ્ સાદહ) કહેવામાં આવે છે, આ લોકો એવા કાર્યો કરતા હોય છે, જે દીન વિરુદ્ધ છે, જેવું કે મેલી વિદ્યા વગેરે.. અને તેઓ દાવો કરે છે કે સખત બીમારીઓથી પણ લોકોને શિફા આપે છે, તેનો દેખાડો કરતા તેઓ પોતાના શરીર પર ખન્જર મારતા હોય છે, અથવા પોતાની જબાન કાપે છે, પછી તેને પોતાની મૂળ સ્થિતિમાં આવી જાય છે, અને તેમને કંઈ નુકસાન પણ નથી થતું, તેમના માંથી કેટલાક નમાઝ પઢે છે અને કેટલાક નમાઝ નથી પઢતા.

એવી જ રીતે તે લોકો અન્ય કબીલા સાથે પોતાના લગ્ન કરવા તો યોગ્ય સમજે છે પરંતુ અન્ય કબીલા માટે પોતાના કબીલા માંથી લગ્ન કરવા યોગ્ય નથી સમજતા, અને જ્યારે બીમાર માટે દુઆ કરે છે તો આ શબ્દો કહે છે (હે અલ્લાહ, હે ફલાણા) અને પોતાના પૂર્વજો માંથી કોઈનું નામ લઈ લે છે.

પ્રાચીન સમયમાં તેઓને ખૂબ જ મહત્વ આપતા હતા, અને તેમને અસામાન્ય વ્યક્તિ ગણતા હતા, અને તેમનું કહેવું હતું કે તેઓ અલ્લાહના નજીકના બંદાઓ છે, પરંતુ તેમને અલ્લાહ વાળાઓ કહેતા હતા, જો કે વર્તમાન સમયના લોકોનું વિચારવું થોડુંક અલગ છે, કેટલાક તો તેમનો વિરોધ કરે છે, જે યુવાન તબક્કો છે અને વિદ્યાર્થીઓ પણ તેમનો વિરોધ કરે છે, જ્યારે કે કેટલાક લોકો હજુ

પણ તેમની સાથે એક ખાસ માન્યતા રાખે છે, જો કે વૃદ્ધ અને અજ્ઞાની લોકો છે, આશા રાખીએ છીએ કે તમે આ વિષય પર કંઈક ચર્ચા જરૂર કરશો.

જવાબ: આ લોકો અને તેમના જેવા તે સૂફી લોકો છે, જેઓ ગુનાહ અને અયોગ્ય કામ કરતા હોય છે, તેઓ પર તે અર્રાફ માંથી ગણાશે, જેમના વિશે આપ ﷺ એ કહ્યું: જે વ્યક્તિ જ્યોતિષ પાસે જાય અને કોઈ વસ્તુ બાબતે તેને પૂછી લે તો તે વ્યક્તિની ચાળીસ દિવસની નમાઝ કબૂલ નથી થતી.

આ એટલા માટે કે તેઓ ગેબના ઇલ્મનો દાવો કરે છે, અને જીનોની સેવા કરતા હોય છે, અને તેમની ઈબાદત કરતા હોય છે, જાદુના અલગ અલગ પ્રકાર વડે લોકોમાં શંકાઓ ઉભી કરતા હોય છે, જેના વિશે અલ્લાહ તઆલાએ મૂસા અને ફિરઓનના કિસ્સામાં વર્ણન કર્યું છે: મૂસાએ કહ્યું કે તમે જ નાખો, પછી જ્યારે તેમણે (પોતાની દોરા વગેરે) ફેંક્યા તો બસ ! તેઓએ લોકોને વશમાં લઇ લીધા અને ભય છવાઇ ગયો અને એક પ્રકારનું ઝબરદસ્ત જાદુ બતાવ્યું. [સૂરે અઅરાફ: ૧૬]

એટલા માટે આ હદીષ પ્રમાણે તેમની પાસે જવું અને કંઈ પણ પૂછવું જાઈઝ નથી. અને એટલા માટે પણ આપ ﷺએ કહ્યું: જે કોઈ વ્યક્તિ જ્યોતિષ પાસે ગયો અને તેણે જણાવેલ વાતોની પુષ્ટિ કરી તો તેણે તે દીનનો ઇન્કાર કર્યો, જે મુહમ્મદ ﷺ પર ઉતારવામાં આવ્યો. બીજા શબ્દોમાં આ પ્રમાણે કહ્યું: જે કોઈ વ્યક્તિ કોઈ અર્રાફ અથવા જ્યોતિષ પાસે ગયો તો તો તેણે તે દીનનો ઇન્કાર કર્યો જે મુહમ્મદ ﷺ પર ઉતારવામાં આવ્યો.

હવે તે લોકોનું અલ્લાહને છોડીને પોકારવું, તેમનાથી મદદ માંગવી, અથવા એવો દાવો કરવો કે તેમના પૂર્વજો સૃષ્ટિમાં ફેરફાર કરવાનો હક ધરાવે છે, અથવા બીમારીઓને શિફા આપે છે, અથવા મર્યા અને ગાયબ હોવા છતાંય દુઆ કબૂલ કરે છે, તો આ બધું જ અલ્લાહ સાથે કૂફ્ર અને શિર્ક અકબર છે, તેમનો ઇન્કાર કરવો,

તેમની પાસે ન જવું જોઈએ તેમને સવાલ પણ ન કરવા જોઈએ અને તેમની વાતોની પુષ્ટિ પણ ન કરવી જરૂરી છે. કારણકે તે લોકોએ પોતાના અમલમાં જ્યોતિષીઓ, અર્રાફ અને મેલી વિદ્યા કરવાવાળા જેવા અમલ ભેગા કરી લીધા છે, જેઓ અલ્લાહને છોડીને અન્યની ઈબાદત કરે છે અને તેમનાથી મદદ માંગે છે, ઉદાહરણ તરીકે જીનો અને મૃતક બન્ને સાથે તેઓ પોતાની નિસબત રાખે છે અને એવો દાવો કરે છે કે તેઓ તેમના પૂર્વજો છે, અથવા અન્ય લોકો જેમના વિશે તેમનું કહેવું છે કે તેઓને પ્રતિષ્ઠતા અને નિકટતા પ્રાપ્ત થઈ છે જો કે સત્ય વાત એ છે કે આ બધા જ કાર્યો મેલી વિદ્યા, જ્યોતિષી, અથવા છુપી વાતો અથવા તકદીરની વાતો જાણવા ના દાવો કરતા હોય છે, જેમની પાક શરીઅતમાં ઇન્કાર કરવામાં આવ્યો છે.

જ્યાં સુધી તેમના અયોગ્ય કાર્યોની વાત છે કે તેઓ પોતાના શરીર પર ચાકુ મારે છે, પોતાની જબાન કાપી નાખે છે, તો જાણી લો કે લોકોને ધોખામાં નાખવા માટે કરતબ બતાવે છે, આ બધું તે હરામ જાદુના પ્રકાર માંથી છે જેને કુરઆન અને હદીષમાં હરામ ઠહેરાવ્યું છે, એટલા માટે બુદ્ધિશાળી વ્યક્તિએ આ બધું જોઈ ધોખો ન ખાવો જોઈએ, આ તે જ પ્રકાર માંથી જેના વિષે અલ્લાહ તઆલાએ ફિરઓનના જાદુગર વિશે કહ્યું: મૂસાએ કહ્યુ કે તમે જ પહેલા નાંખો, તેમના જાદુના અસરથી એવું લાગતું હતું કે તેમની દોરીઓ અને લાકડીઓ દોડી રહી છે. [સૂરે તોહા: ૬૬]

જાણવા મળ્યું કે તે લોકોએ જાદુગરી, મેલી વિદ્યા, જ્યોતિષી, અર્રાફ, શિર્કે અકબર, અલ્લાહને છોડીને અન્ય લોકોથી મદદ તલબ કરવી અને ફરિયાદકરવી, ગેબના ઇલ્મનો દાવો અને સૃષ્ટિમાં ફેરફાર કરવાનો અધિકાર પોતાને છે એવું સમજી (આવા મોટા ગુનાહોને પોતાની પાસે ભેગા કરી રાખ્યા છે) આ બધું શિર્કે અકબર અને સ્પષ્ટ કૂફરની દલીલ છે, અને મેલી વિદ્યાના તે પ્રકાર છે જેમને અલ્લાહએ હરામ કર્યા છે, એવી જ રીતે તે ગેબના ઇલ્મનો દાવો કરે છે, જેને અલ્લાહ સિવાય

કોઈ નથી જાણતું, અલ્લાહ તઆલા કહે છે: તમે તેમને કહી દો કે આકાશો અને ધરતીવાળાઓ માંથી અલ્લાહ સિવાય કોઈ અદૃશ્યની વાતો નથી જાણતો. [સૂરે નમલ: ૬૫]

એટલ માટે તે દરેક મુસલમાન, જે લોકો તેમની હકીકત જાણે છે, તેમના માટે જરૂરી છે કે તેમનો ઇન્કાર કરે, તેમના ખરાબ કાર્યોનું ખંડન કરે, અને લોકોને જણાવે કે તેઓ ઇન્કાર કરનારાઓ છે, અને તેમને હાકિમ સુધી પહોંચાડવામાં આવે, જો મુસ્લિમ દેશ હોય તો તેમના પર શરીઅત મુજબ જે પણ સજા થતી હોય તે સજા તેમને આપવામાં આવે, આ પ્રમાણે જ તેમની બુરાઈ ખતમ થઈ શકે છે, અને મુસલમાનોને તેમના ખોટા અને બાતેલ કાર્યોથી.બચાવી શકીએ છીએ. અલ્લાહ જ તૌફીક આપનાર છે.

# આયુર્વેદિક એવા ડોકટરો પાસે સારવાર કરાવવી, જેઓ જિનો સાથે કામ કરાવે છે.

મજમુઉલ્ ફતાવા અને વિવિધ પ્રકારના વિષય પર બિન બાઝ રહ.ની ચર્ચા ૫/૪૧૮-૪૨૦

સવાલ: કેટલાક લોકો આયુર્વેદિક દવાઓથી સારવાર કરે છે, આયુર્વેદિકની સારવાર કરતો એક વ્યક્તિ પાસે જ્યારે હું પહોંચ્યો તો તેણે મને કહ્યું, તારું અને તારી માતાનું નામ લખી મને આપો, અને આવતીકાલે મારી સાથે મુલાકાત કરો, અને જ્યારે બીજા દિવસે તેની સાથે મુલાકાત કરવામાં આવે છે તો તે કહે છે કે તેમને ફલાણી ફલાણી બીમારી છે, અને તેની સારવાર આમ તેમ છે, એકનું કહેવું એવું છે કે તેઓ સારવાર માટે કલામે ઇલાહીનો ઉપયોગ કરે છે, આવા લોકો વિશે તમારું શુ કહેવું છે? અને તેમની પાસે જવાનો હુકમ શુ છે? સવાલ કરનાર, એન, ગો, જેનો સંબંધ હાઇલ થી છે.

જવાબ: જે લોકો સારવાર માટે આ તરીકો અપનાવે છે  તો એ વાત સ્પષ્ટ થઈ જાય છે કે તેઓ જિન્નાતનો ઉપયોગ કરે છે અને ગેબી વાતોનો દાવો કરે છે એટલા માટે તેમની પાસે સારવાર કરાવવી જાઈઝ નથી, એવી જ રીતે તેમની પાસે જવું અને કંઈ પૂછવું પણ જાઈઝ નથી, કારણકે આવા લોકો વિશે અલ્લાહના રસુલની હદીષ છે: જે વ્યક્તિ જ્યોતિષ પાસે જાય અને કોઈ વસ્તુ બાબતે તેને પૂછી લે તો તે વ્યક્તિની ચાળીસ દિવસની નમાઝ કબૂલ નથી થતી. આ હદીષ ને ઈમામ મુસ્લિમ રહ. એ પોતાની કિતાબ માં વર્ણન કરી છે.

કેટલીક હદીષોમાં વર્ણન કરવામાં આવ્યું છે કે આપ ﷺ એ જ્યોતિષીઓ, અર્રાફ અને જાદુગરો પાસે જવાથી તેમને કઇ પૂછવા અથવા તેમની વાતોની પુષ્ટિ

કરવાથી રોક્યા છે, આપ ﷺની હદીષ છે: જે કોઈ વ્યક્તિ જ્યોતિષ પાસે ગયો અને તેણે જણાવેલ વાતોની પુષ્ટિ કરી તો તેણે તે દીનનો ઇન્કાર કર્યો, જે મુહમ્મદ ﷺ પર ઉતારવામાં આવ્યો.

તે દરેક વ્યક્તિ જે ગેબના ઇલ્મનો દાવો કરે અને આ તરીકો અપનાવે કે કાંકરીઓ ફેંકે, ઝમીન પર લાઇન દોરે, અથવા બીમાર નું નામ તેની માતા અથવા સંબંધીનું નામ પૂછે તો જાણી લેજો કે તેઓ અર્રાફ અને જ્યોતિષ છે, જેમની પાસે જવાથી અને તેમની વાતોની પુષ્ટિ કરવાથી અલ્લાહના રસૂલે રોક્યા છે.

જરૂરી છે કે તેમનાથી બચવામાં આવે અને તેમને કઈ પૂછવામાં ન આવે અને તેમની પાસે સારવાર કરાવવામાં ન આવે, ભલેને તેઓ કુરઆન દ્વારા જ સારવાર કરવાનો દાવો કેમ ન કરતા હોય, કારણકે બાતેલ લોકોની આ ક્ષમતા હોય છે કે તેઓ ધોખેબાજી કરતા હોય છે એટલા માટે તેમની વાતોની પુષ્ટિ કરવી જાઈઝ નથી, જે વ્યક્તિ પર તેમના વિશે જાણતો હોય તેના પર જરૂરી છે કે તેમની વાત જવાબદાર સુધી પહોંચાડે જેવા કે ન્યાયાધીશ, હાકિમ, અને દરેક શહેરમાં ભલાઈનું કામ કરનાર અને બુરાઈથી રોકનાર કમિટી હોય તેમને જાણ કરવામાં આવે, જેથી તેમના પર અલ્લાહનો આદેશ નક્કી કરવામાં આવે, અને મુસલમાન તેમની બુરાઈ, વિદ્રોહ અને તે લોકોના બાતેલ તરીકાથી માલ ખાવાથી બચીને રહે.

અમે અલ્લાહ પાસેજ મદદ તલબ કરીએ છીએ, ગુનાહથી બચવાની તૌફીક અને નેકી કરવાની તાકાત તેની પાસેથી જ મળે છે.

# જાદુનો શરીઅત પ્રમાણે ઈલાજ

આ સવાલ જવાબ બરનામીજ (નૂર અલીદ્ દરબ) તરફથી બિન બાઝ રહ. મજમુઉલ ફતાવા વ મકલાતિ મુતનવવિઅતુ (૬/૨૮૮-૧૯૦)

સવાલ: મેં એક આલિમને કહેતા સાંભળ્યા કે જે કોઈ વ્યક્તિને એવું લાગે કે મારા પર જાદુ થઈ છે, તેણે બોરીના સાત પાંદડા લઈ લે, પછી તેને એક ડોલ પાણીમાં નાખી લે અને તેના પર સૂરે ફલક અને સૂરે નાસ પઢી, આયતુલ્ કુરસી અને સૂરે કાફીરુન, અને સૂરે બકરહની આયત નંબર ૧૦૨, સૂરે ફાતિહા પઢે. તો આની સત્યતા કેટલી છે? અને જેને લાગે કે તેના પર જાદુ કરવામાં આવ્યું છે તો તે શું કરે? અમને આ વિશે જરૂર ફાયદો પહોંચાડશો, અલ્લાહ તમને ફાયદો પહોંચાડશે. અલ્ મુઅવ્વઝાત (સૂરે નાસ અને સૂરે ફલક) અને આયતુલ્ કુરસી અને સૂરે કાફિરૂન, અને અલ્લાહ તઆલા કહે છે: જે બાબિલમાં હારૂત અને મારૂત બન્ને ફરિશ્તાઓ પર જે અવતરિત કરવામાં આવ્યું હતું, [સૂરે બકરહ: ૧૦૨]

સૂરે ફાતિહા પઢવાની સત્યતા કેટલી છે? અને જેને લાગે કે તેના પર જાદુ કરવામાં આવ્યું છે તો તે શું કરે? અમને આ વિશે જરૂર ફાયદો પહોંચાડશો, અલ્લાહ તમને ફાયદો પહોંચાડશે.

જવાબ: આમાં કોઈ શંકા નથી કે જાદુનું અસ્તિત્વ છે, કેટલાક વિચારો હોય છે અને જાદુ અલ્લાહની પરવાનગીથી જ અસરકારક થાય છે, જેવું કે અલ્લાહ તઆલા જાદુગરો વિશે કહે છે: અને (યહૂદી તૌરાતને છોડીને ) તે વસ્તુની પાછળ લાગી ગયા જેને શૈયતાનો સુલૈમાનના રાજ્યમાં પઢતા હતા, સુલૈમાનએ કોઈ કૂફરનું (કામ) નહતું કર્યું, પરંતુ આ કૂફર તો જાદુ શીખવાડનાર શૈતાનો કરતા હતા, અને (યહૂદી તે વસ્તુની પણ પાછળ લાગી ગયા) જે બાબિલમાં હારૂત અને મારૂત બન્ને ફરિશ્તાઓ પર જે અવતરિત કરવામાં આવ્યું હતું, તે બન્ને પણ કોઇ વ્યક્તિને તે

સમય સુધી નહોતા શિખવાડતા, અર્થાત્: બે ફરિશ્તાઓ, અમે તો એક આઝમાયશ છે, તું કાફિર ન બન, તો પણ તે લોકો તે બન્ને પાસેથી એવી વાતો શીખતાં, જેના વડે પતિ પત્નિ વચ્ચે વિચ્છેદ ઉભો થાય જો કે તેઓ અલ્લાહ તઆલાની ઇચ્છા વગર કોઇને નુકસાન પહોંચાડી શકતા ન હતા. [સૂરે બકરહ: ૧૦૨]

જાણવા મળ્યું કે જાદુનો અસર હોય છે, પરંતુ અલ્લાહની ઈચ્છા અને પરવાનગીથી હોય છે કારણકે સૃષ્ટિની દરેક વસ્તુ અલ્લાહની તકદીર અને ઈચ્છા પ્રમાણે જ હોય છે, પરંતુ યાદ રહેવું જોઈએ કે જાદુનો ઈલાજ અને તેની દવા પણ છે, આપ ﷺ પણ જાદુ થયું હતું, પરંતુ અલ્લાહ તઆલાએ તમને બચાવી લીધા, અને તેની બુરાઈથી આપને આફીયત આપી, સહાબાઓને આપ પર કરવામાં આવેલ જાદુ મળી ગઈ, તેને કાઢી નષ્ટ કરવામાં આવ્યું , આ પ્રમાણે અલ્લાહ તઆલાએ પોતાના નબીને શિફા આપી.

એવી જ રીતે જાદુગરે કરેલ જાદુ મળી જાય, જે દોયરા ને ગાંઠો લગાવી હોય કે પછી ખીલીઓ એક સાથે બાંધી હોય, અથવા આ પ્રમાણે અન્ય વસ્તુઓ દ્વારા કરવામાં આવે છે તો તેને નષ્ટ કરી દે. કારણકે જાદુગરોનો તરીકો એ હોય છે કે તેઓ પોતાના નાપાક ઈરાદામાં સફળ થવા માટે ગાંઠો મારે છે તેના પર ફૂંકે છે અને તેના પર માર માર કરે છે, કેટલાક સમયે તેમના ઈરાદા અલ્લાહની ઈચ્છાથી પુરા થઈ જાય છે, અને ક્યારેક નાકામ થઈ જાય છે, આપણો પવિત્ર પાલનહાર દરેક વસ્તુ પર કુદરત ધરાવે છે.

કેટલીક વખત જાદુનો ઈલાજ આયતો અને ઝિકર વડે કરવામાં આવે છે જેના પર જાદુ કરવામાં આવ્યું છે, તે પોતે પઢે, શરત એ કે તેની બુદ્ધિ સારી હોય અર્થાત તે હોશમાં હોય, અથવા બીજો કોઈ વ્યક્તિ તેના પર પઢે, તેની છાતી અથવા બીજા કોઈ શરીરના અંગ પર ફૂંક મારે, તેના પર સૂરે ફાતિહા, આયતુલ્ કુરસી, સૂરે ઇખલાસ, સૂરે નાસ, સૂરે ફલક, અને જાદુની તે પ્રખ્યાત આયતો પઢે, જે સૂરે

અઅરાફમાં, સૂરે યૂનુસ અને સૂરે તોહામાં વર્ણન કરી છે, સૂરે અઅરાફ અર્થાત અલ્લાહનું કહેવું: અને અમે મૂસા તરફ વહી કરી કે હવે તું પણ પોતાની લાકડી નાખી દો, (જેવી જ લાકડી નાખી અને તે અજગર બની) તે દરેક વસ્તુ ગળવા લાગ્યો, જે તેમણે જૂઠી ઘડી હતી. બસ ! સત્ય વાત જાહેર થઇ ગઇ અને તેઓએ જે કંઈ પણ બનાવ્યું હતું, બધું ખતમ થઇ ગયું. બસ ! તે લોકો આ સમયે હારી ગયા અને ખૂબ જ અપમાનિત થઇ પાછા ફર્યા. સૂરે યૂનુસમાં અલ્લાહ કહે છે:અને ફિરઔને કહ્યું કે મારી પાસે દરેક નિષ્ણાંત જાદુગરોને ભેગા કરી દો. પછી જ્યારે જાદુગરો ભેગા થયા તો મૂસાએ તેમને કહ્યું કે નાંખો, જે કંઈ પણ તમે નાંખવાના છો. તો જ્યારે તે લોકોએ નાંખ્યું તો મૂસાએ કહ્યું કે આ જે કંઈ પણ તમે લાવ્યા છો, જાદુ છે, નિ:શંક અલ્લાહ હમણાં જ આને અસ્તવ્યસ્ત કરી દેશે, અલ્લાહ આવા વિદ્રોહી લોકોનું કામ સફળ નથી થવા દેતો અને અલ્લાહ તઆલા સત્યને પોતાના આદેશો દ્વારા સાબિત કરી દે છે, ભલેને અપરાધી પસંદ ન કરે. [સૂરે યૂનુસ: ૭૯-૮૨]

અને સૂરે તોહામાં અલ્લાહ તઆલા કહે છે: મૂસાને કહેવા લાગ્યા કે, હે મૂસા ! તમે નાખો છો અથવા અમે પહેલા અમે નાખીએ? મૂસએ કહ્યુ કે તમે જ પહેલા નાંખો, તેમના જાદુના અસરથી એવું લાગતું હતું કે તેમની દોરીઓ અને લાકડીઓ દોડી રહી છે. આ જોઈ મૂસા મનમાં ને મનમાં ભયભીત થયા. અમે (વહી દ્વારા) તેમને કહ્યું ભયભીત ન થાઓ, તમે જ વિજય મેળવશો. અને જે તમારા જમણા હાથમાં જે છે, તેને નાંખી દો, કે તેમની દરેક કારીગરીને ગળી જાય. તેઓએ જે કંઇ પણ બનાવ્યું છે આ તો ફક્ત જાદુગરોની યુક્તિઓ છે અને જાદુગરો ગમે ત્યાંથી આવે, સફળ નથી થતા. [સૂરે તોહા: ૬૫-૬૯] અને આ સૂરત પણ પઢવી જોઈએ: સૂરે ઇખલાસ, સૂરે ફલક અને સૂરે નાસ (અંત સુધી)

બહેતર એ છે કે સૂરે ઇખલાસ અને સૂરે ફલક અને સૂરે નાસ ત્રણ વખત પઢવી જોઈએ: પછી તેના માટે દુઆ કરવી જોઈએ,

اللهم رب الناس أذهب البأس وأشف أنت الشافي لا شفاء إلا شفاؤك شفاءً لا يغادر سقماً ويكرر هذا ثلاثاً،

'હે અલ્લાહ ! હે લોકોના પાલનહાર, પરેશાની દૂર કરનાર, શિફા આપ, તું જ શિફા આપનાર છે તારા સિવાય કોઈ શિફા આપનાર નથી, એવી શિફા જે બીમારીને બાકી ન છોડે. અને ત્રણ વખત પઢવામાં આવે' અને એવી જ રીતે આ દુઆ પઢી દમ કરવું જોઈએ.

بسم الله أرقيك من كل شيء يؤذيك ومن شر كل نفس أو عين حاسد الله يشفيك بسم الله أرقيك ويكررها ثلاثاً ويدعو له بالشفاء والعافية،

'હું અલ્લાહના નામથી તમારા પર દમ કરુ છું, તે દરેક વસ્તુંથી બચવા માટે જે તમને તકલીફ આપે, દરેક નફસ અથવા હસદ કરનારની આંખોની બુરાઈથી, અલ્લાહ તમને શિફા આપે અને હું અલ્લાહના નામ સાથે તમારા પર દમ કરું છું. આ દુઆ ત્રણ વખતપઢવી, અને તેના માટે શિફા અને આફીયતની દુઆ કરવી'

જો દમ કરતી વખતે આ દુઆ પણ ત્રણ વખત પઢો તો બહેતર રહેશે.

أعيذك بكلمات الله التامات من شر ما خلق وكررها ثلاثاً فحسن.

'હું તે દરેક વસ્તુની બુરાઈથી જે અલ્લાહએ પેદા કરી છે, તને તેના સંપૂર્ણ કલીમાના શરણમાં આપું છું'

આ દરેક દવા ફાયદાકારક અને અસરકારક છે, જો આ રુકીય્યહ અને દુઆને પાણીમાં પઢવામાં આવે , પછી જેના પર જાદુ થઈ હોય તે વ્યક્તિ તેમાંથી કંઈક પી લે, અને અન્ય પાણીથી સ્નાન કરી લે, તો ઇન્ શાઅ અલ્લાહ તેના વડે આફીયત મળશે, અને જો પાણીમાં બોરીના સાત પાંદડા કચડીને નાખી દેશો તો આ

પણ શિફાનો સ્ત્રોત બનશે, અને ઘણા લોકો સાથે આ તરીકો અપનાવ્યો તો અલ્લાહએ તેમને શિફા આપી, જાણવા મળ્યું કે જેના પર જાદુનો અસર થયો હોય તેના માટે આ ફાયદાકારક દવા છે, આ દવા તે વ્યક્તિ માટે પણ ફાયદાકારક છે, જેને પોતાની પત્નીથી રોકી દેવામાં આવ્યો હોય, કારણકે કેટલીક વખતે વ્યક્તિને પોતાની પત્નીથી રોકી દેવામાં આવે છે, જેના કારણે તે સમાગમ નથી કરી શકતો, પરંતુ જો આ રુકીય્યહ અને દવા કરીશું તો ઇન્ શાઅ અલ્લાહ તેમને ફાયદો થશે, ભલેને તે દુઆઓને પોતે પઢે અથવા કોઈ બીજું પઢે, અથવા પાણીમાં પઢે તેમાંથી થોડુંક પી લે અને બીજાથી સ્નાન કરી લે, આ દરેક તરીકા તે વ્યક્તિ માટે અસરકારક સાબિત થશે, જેના પર જાદુ કરવામાં આવ્યું હોય, અને તેને પોતાની પત્નીથી રોકી દેવામાં આવ્યો હોય.

આ ફક્ત સ્ત્રોત છે, જો કે અલ્લાહ એકલો જ શિફા આપનાર છે, તે દરેક વસ્તુ પર કુદરત ધરાવે છે, તેના જ હાથમાં બીમારી અને શિફા છે, દરેક વસ્તુ તે પવિત્ર અલ્લાહની તકદીર પ્રમાણે સાબિત થાય છે, રસૂલ ﷺએ સહીહ હદીષમાં કહ્યું: (અલ્લાહ તઆલા જ્યારે કોઈ બીમારી ઉતારે છે, તો તેની સાથે તેની સારવાર પણ ઉતારે છે, તો કેટલાક લોકો તેના સારવાર સુધી પહોંચી જાય છે અને કેટલાક તેનાથી અજાણ રહે છે).

આ અલ્લાહનો ફઝલ અને તેનો એહસાન છે, અને અલ્લાહ જ સાચા માર્ગ તરફ હિદાયત આપવવાળો છે.

# જિન્નાતોનું માનવીમાં દાખલ થવાની સત્યતા અને તેનો ઇન્કાર કરવાવાળાનો રદ

શેખ અલી તન્તાવીએ તારીખ ૩/૧૧/૧૪૦૮ એ મોકલેલા જવાબ : બિન બાઝ રહ.ના મજમુઉલ્ ફતાવા અને વિવિધ પ્રકારના વિષયો, (૩/૨૯૯-૩૦૮)

દરેક પ્રકારની પ્રશંસા અલ્લાહ માટે જ છે દરુદ અને સલામતી ઉતરે રસૂલ પર , તેમના ખાનદાન વાળાઓ પર તેમના સહાબાઓ પર અને તે દરેક લોકો પર જે હિદાયત પર છે.

કેટલાક દેશના પેપર તેમજ અન્ય દેશના પેપરોમાં શઅબાન મહિનામાં ૧૪૦૭ હિજરીસનમાં આ કિસ્સા વિશે લાંબી અને સંક્ષિપ્ત ખબર છાપવામાં આવી કે કોઈ જિને, જે રિયાઝમાં એક મુસ્લિમ સ્ત્રીમાં છુપાયેલો હતો, મારી પાસે ઇસ્લામ લાવવાનો આગ્રહ કર્યો, જ્યારે કે મારા પહેલા તે ભાઈ અબ્દુલ્લાહ બિન મુશર્રફ અલ્ ઉમરીની પાસે જઈ તેને કબૂલ કરી ચુક્યો હતો, જેઓ રિયાઝમાં જ રહેતા હતા, આ ત્યારે થઈ જ્યારે તેમણે તે સ્ત્રી પર (આયત અને ઝિકર) પઢી, જિન સાથે વાતચીત થઈ, તેને અલ્લાહની યાદ અપાવી, શિખામણ આપી, અને જણાવ્યું કે ઝુલ્મ એક હરામ કાર્ય અને કબીરહ ગુનોહ છે, જ્યારે જિને તેમને કહ્યું કે તે બુધ્ધધર્મને માને છે, તો તે શેખે તેમને તે ધર્મ છોડીને ઇસ્લામનો સ્વીકાર કરી લે તેણે શેખની વાત માની લીધી અને અબ્દુલ્લાહ પાસે ઇસ્લામનો જાહેરમાં સ્વીકાર કર્યો. પછી શેખ અબ્દુલ્લાહ અને તે સ્ત્રીના ઘરના લોકોએ ઈચ્છા દર્શાવી કે તેને મારી પાસે લઈને આવે, જેથી હું જિન્નાતે સ્વીકાર કરેલ ઇસ્લામને સાંભળી શકું, તે લોકો મારી પાસે આવ્યા અને સવાલ કર્યો કે તે સ્ત્રીની અંદર કેમ દાખલ થયો, તેણે મને કેટલાક કારણો જણાવ્યા, તેણે સ્ત્રીની જબાન વડે વાતકરી પરંતુ અંદાજ પુરુષો નો હતો, સ્ત્રીની ન હતી, તે સ્ત્રી

મારી બાજુ એક કુરસી પર બેઠી હતી, તે સ્ત્રીનો ભાઈ, શેખ અબ્દુલ્લાહ મુશર્રફ અને અન્ય કેટલાક આલિમો આ સંપૂર્ણ બાબત જોઈ રહ્યા હતા, અને જિનની વાત પણ સાંભળી રહ્યા હતા, તેણે સ્પષ્ટ ભાષામાં ઇસ્લામનો સ્વીકાર કર્યો અને કહ્યું કે તે હિન્દુસ્તાની છે, અને બુધ્ધ ધર્મને માને છે, મેં તેને શિખામણ કરી અને અલ્લાહનો ડરનો વાસ્તો આપ્યો, અને વિનંતી કરી કે તે આ સ્ત્રીના શરીર માંથી નીકળી જાય, અને તેના પર ઝુલ્મ ન કરે, તેણે મારી વાત માની લીધી અને કહ્યું, હું ઇસ્લામ કબૂલ કરું છું, મેં તેને વસિયત કરી કે હવે તે ઇસ્લામનો સ્વીકાર કરી લીધો છે તો તે પોતાની કોમને પણ ઇસ્લામ તરફ બોલાવે, તો તેણે ભલાઈનું વચન આપ્યું અને તે સ્ત્રીના શરીર માંથી નીકળી ગયો, તેની છેલ્લી વાત આ હતી, અસ્સલામુ અલયકુમ. પછી મેં તે સ્ત્રી સાથે સામાન્ય ભાષામાં વાર્તાલાપ કરી, તો મને એહસાસ થયો કે હવે તે જિન્નાતની તકલીફથી સુરક્ષિત છે, પછી એક મહિના અથવા તેનાથી વધારે સમયગાળા પછી તે પોતાના બન્ને ભાઈઓ સાથે, મામા અને માસા સાથે ફરી આવી અને કહેવા લાગી કે તે હવે તે આફીયત અને સારું છે, અને અલ હમ્દુ લિલ્લાહ તે જિન ફરી તેનામાં દાખલ નથી થયો, મેં તેને સવાલ કર્યો કે જ્યારે તે જિન તેનામાં દાખલ થતો તો તેને કેવું લાગતું હતું? તો તેણે જણાવ્યું કે તેને શરીઅત વિરુદ્ધ ખરાબ અને ભયાનક વિચાર આવતા હતા, બુધ્ધ ધર્મ તરફ ધ્યાન જતું રહેતું હતું, અને તે ધર્મનું ગ્રંથ વાંચવાની ઉત્તેજના થતી હતી, પરંતુ જ્યારે અલ્લાહ તઆલાએ. જિન્નાતથી તેની સુરક્ષા કરી, તો આવા વિચાર ખતમ થઈ ગયા, અને તે વિખેરાઈલા ભયાનક વિચારોને ભૂલીને નોર્મલ સ્થિતિમાં આવી ગઈ, મને શેખ અલી તન્તાવી વિશે જાણવા મળ્યું કે તેઓ આ પ્રમાણેના કિસ્સાનો ઇન્કાર કરે છે, તેઓએ વર્ણન કર્યું કે આ ધોખો અને જૂઠ છે, શક્ય છે કે તે વાત સ્ત્રી પાસે રેકોડર હોય, અને તે પોતે ન બોલી હોય, મેં તે કેસેટ મંગાવી, જેમાં આ વાત નકલ કરી હતી, અને મેં તેમની વાત સાંભળી મને આશ્ચર્ય થયું કે તેમણે આ વાત કઈ રીતે કહી, કે તે વાત રેકોર્ડ હોઈ શકે છે, જ્યારે કે મેં જાતે જિન્નાતને સવાલ કર્યા અને તેણે જવાબ પણ આપ્યા, આ એક

સ્પષ્ટ ભૂલ છે, જો કે બાતેલ વાતને જાઈઝ કરવાના પ્રયત્નો માંથી ગણાશે, તેમણે પોતાની વાતમાં એવું પણ કહ્યું કે માનવીના હાથ પર જિનનું ઇસ્લામ લાવવું, અલ્લાહના આ ફરમાન વિરુદ્ધ ગણાશે, જે સુલેમાનના કિસ્સામાં વર્ણન થયું છે: અને મને એવું સામ્રાજ્ય આપ, જે મારા પછી કોઇનું ન હોય, તું ખૂબ જ આપનાર છે. [સૂરે સોદ: ૩૫]

ખરેખર તેમની આ પણ ભૂલ છે અને ગેરસમજ છે, અલ્લાહ તેમને હિદાયત આપે, કારણકે માનવીના હાથ પર ઈમાન લાવવું સુલેમાન અ.સ.ની દુઆની વિરુદ્ધ નથી, એટલા માટે કે જિનોની એક મોટી સંખ્યાએ આપ ﷺના હાથ પર ઇસ્લામ કબૂલ કર્યો છે.

અલ્લાહ તઆલાએ સૂરે અહકાફ અને સૂરે જિનમાં તેની સ્પષ્ટતા કરી છે, અને બુખારી મુસ્લિમમાં અબુ હુરૈરહ રઝી. રિવાયત કરે છે કે આપ ﷺએ કહ્યું: શેતાને મારા પર આવી હુમલો કરી દીધો, જેથી મારી નમાઝ ખરાબ કરી દે, પરંતુ અલ્લાહ તઆલાએ મને તેના પર વિજય આપ્યો તો મેં તેની ગરદન દબોચી લીધી, મેં ઈરાદો કરી લીધો હતો કે હું તેને પિલર સાથે બાંધી દઉં જેથી તમે પણ સવારે તેને જોઈ લો, પરંતુ મને મારા ભાઈ સુલેમાનની દુઆ યાદ આવી ગઈ, હે અલ્લાહ તું મને માફ કરી દે અને મને એવું સામ્રાજ્ય આપ જે મારા પછી કોઈ વ્યક્તિ માટે લાયક ન હોય. (સૂરે સોદ: ૩૫) ત્યારબાદ અલ્લાહ તઆલાએ તેને નાકામ બનાવી દીધો.

આ બુખારી ના શબ્દો હતા અને મુસ્લિમના શબ્દો આ પ્રમાણે છે, આજે રાત્રે એક વિદ્રોહી જિન મારા પરહમલો કર્યો, જેથી તે મારી નમાઝ ખરાબ કરી દે, પરંતુ અલ્લાહએ મને તેના પર પ્રભુત્વ આપ્યું અને મેં તેને પકડી લીધો, મેં ઈરાદો કરી લીધો હતો કે હું તેને પિલર સાથે બાંધી દઉં જેથી તમે પણ સવારે તેને જોઈ લો, પરંતુ મને મારા ભાઈ સુલેમાનની દુઆ યાદ આવી ગઈ, હે અલ્લાહ તું મને માફ કરી

દે અને મને એવું સામ્રાજ્ય આપ જે મારા પછી કોઈ વ્યક્તિ માટે લાયક ન હોય. [સૂરે સોદ: ૩૫]

ત્યારબાદ અલ્લાહ તઆલાએ તેને નાકામ બનાવી દીધો. ઇમામ નસાઈએ બુખારીની શરત પર આયશા રઝી. રિવાયત કરી છે કે આપ ﷺ નમાઝમાં હતા કે શેતાન આવી ગયો નબી ﷺએ તેને પછાડી દીધો, તેનું ગળું પકડી લીધું, આપ ﷺ કહે છે કે: અહીં સુધી કે મેં તેની જબાનની ઠંડક મારા હાથ સુધી જોઈ, જો સુલેમાનની દુઆ ન હોત તો હું સવાર સુધી પિલર સાથે બાંધીને રાખતો જેથી લોકો તેને જોઈ લે.

આ હદીષને અહમદ અબુ દાવુદે અબુ સઇદથી રિવાયત કરી છે, તેના શબ્દો આ પ્રમાણે છે.

મેં મારા હાથથી તેને પકડી લીધો અને તેનું ગળું દબાવી દીધું અહીં સુધી કે મેં તેના મોઢા માંથી નીકળતા થૂંકની ઠંડક મારા અંગુઠા અને શહાદતની આંગળી વચ્ચે જોઈ.

બુખારીએ ફતહુલ બારીમાં ભાગ : ૪ પેજ નંબર ૪૮૭માં તઅલીકન અબૂહુરેરહ રઝી. થી રિવાયત કરી છે કે તેઓ કહે છે કે: રમઝાનમાં આપ ﷺએ મને ઝકાત ઉઘરાવવા માટે જવાબદારી સોંપી, રાતના એક વ્યક્તિ મારી પાસે આવ્યો અને અનાજ માંથી લપાલપ અનાજ ભરવા લાગ્યો, મેં તેને પકડી લીધો અને કહ્યું કે અલ્લાહની કસમ ! હું તને આપ ﷺ પાસે લઈ જઈશ, તેણે કહ્યું કે અલ્લાહની કસમ ! હું ખૂબ જ લાચાર છું, મારા બાલ બચ્ચાઓ સખત જરૂરતમંદ છે, અબુ હુરેરહ રઝી.એ કહ્યું કે મેં તેને જવા દીધો. સવારે આપ ﷺએ મને કહ્યું: હે અબુ હુરેરહ કાલ રાત્રે તમારા કેદીએ શું કર્યું હતું? મેં કહ્યું કે હે અલ્લાહના રસૂલ ! તેણે સખત મારી સામે તેના બાલ બચ્ચાઓના રોતરા રડ્યો, મને તરસ આયો તો મેં તેને

જવા દીધો. આપ ﷺએ કહ્યું: તેણે તમને જૂઠ કહ્યું છે, આજે રાત્રે ફરી આવશે. રસૂલ ﷺએ કહ્યું હતું એટલે મને પાકું યકીન હતું કે તે જરૂર આવશે, એટલા માટે હું તેની રાહ જોઈ રહ્યો હતો, અને જ્યારે તે બીજી રાત્રે ફરી આવીને અનાજના ઢેર માંથી અનાજ ઉઠાવવા લાગ્યો તો મેં તેને પકડી લીધો, અને મેં તેને કહ્યું કે હવે તો હું તને આપ ﷺ સામે હાજર જરૂર કરીશ, પરંતુ હજું પણ તે જ શબ્દો કહી રહ્યો હતો કે મને છોડી દો, મારા બાલ બચ્ચાઓ લાચાર છે, હવે હું ક્યારેય નહીં આવું, મને દયા આવી ગઈ અને મેં તેને છોડી દીધો, સવાર થઈ તો આપ ﷺએ કહ્યું: હે અબુ હુરેરહ કાલ રાત્રે તમારા કેદીએ શું કર્યું હતું? મેં કહ્યું કે હે અલ્લાહના રસૂલ ! તેણે સખત મારી સામે તેના બાલ બચ્ચાઓના રોતરા રડ્યો, મને તરસ આયો તો મેં તેને જવા દીધો. આપ ﷺએ કહ્યું: તેણે તમને જૂઠ કહ્યું છે, આજે રાત્રે ફરી આવશે. ત્રીજી વખત હું પોતે તેની રાહ જોઇને બેસી રહ્યો હતો, તેણે ત્રીજીરાત્રે પણ આવીને અનાજ ઉઠાવવા લાગ્યો, મેં તેને પકડી લીધો, અને મેં કહ્યું કે હવે તને રસૂલ ﷺ પાસે લઈ જવો જરૂરી છે, આ ત્રીજી વખત છે અને દરેક વખતે તમે યકીન અપાવતા રહ્યા કે હું જવે નહિ આવું, પરંતુ તમે પાછા જ આવ્યા, તેણે કહ્યું કે આ વખતે મને છોડી દો, હું તમને એવા શબ્દો શીખવાડીશ જેનાથી તમને અલ્લાહ પાસે ઘણો ફાયદો મળશે, મેં કહ્યું કે તે શબ્દો ક્યાં છે? તેણે કહ્યું કે જ્યારે તમે પોતાની પથારી પર સૂવા માટે જાઓ તો આયતુલ્ કુરસી પઢી લો. [સૂરે બકરહ: ૨૫૫]

સંપૂર્ણ પઢી લો એક સુરક્ષા કરનાર ફરીશ્તો તેનીદેખરેખ કરશે, અને સવાર સુધી શેતાન તમારી પાસે ક્યારેય નહીં આવે, મેં તેને છોડી દીધો, સવાર થઈ તો આપ ﷺએ કહ્યું: ગઈકાલ રાત્રે તમારા કેદીનું શુ થયું? મેં કહ્યું હે અલ્લાહ ના રસૂલ ! તેણે મને થોડાક શબ્ શીખવાડ્યા અને યકીન અપાવ્યું કે અલ્લાહ મને તેના દ્વારા ખૂબ ફાયદો આપશે, એટલા માટે મેં તેને છોડી દીધો, આપ ﷺએ કહ્યું કે તે શબ્દો ક્યાં છે? મેં કહ્યું કે તેણે જણાવ્યું હતું કે જ્યારે તમે પથારી પર સૂવા માટે જાઓ તો

આયતુલ્ કુરસી પઢી લો, આયત પતે ત્યાં સુધી સંપૂર્ણ પઢી લો એક સુરક્ષા કરનાર ફરીશ્તો તેનીદેખરેખ કરશે, અને સવાર સુધી શેતાન તમારી પાસે ક્યારેય નહીં આવે, મેં તેને છોડી દીધો, સવાર થઈ તો આપ ﷺએ કહ્યું: ગઈકાલ રાત્રે તમારા કેદીનું શુ થયું? આપ ﷺએ કહ્યું, ભલે તે જૂઠો હતો પરંતુ તેણે સાચું કહ્યું છે, હે અબૂ હુરેરહ શું તમે જાણો છો કે આ ત્રણ રાત જે વ્યક્તિ તમારી પાસે આવ્યો તે કોણ હતો? મેં કહ્યું કે ના અલ્લાહના રસૂલ હું નથી ઓળખતો. મેં કહ્યું, હે અલ્લાહના રસૂલ ! મેં વિચાર કર્યો કે જો મને એવા શબ્દો શીખવાડશે જેનાથી અલ્લાહ મને ફાયદો પહોંચાડશે એટલા માટે મેં તેને જવા દીધો. આપ ﷺએ કહ્યું: ખબર છે તે કોણ હતો? તે શેતાન હતો. મેં કહ્યું : તેણે કહ્યું કે જ્યારે તમે પથારી પર સૂવા માટે આવો તો આયતુલ્ કુરસી પઢો, સંપૂર્ણ આયત: અને તેણે કહ્યું કે અલ્લાહ તરફથી એક સુરક્ષા કરનાર ફરિશ્તો નક્કી થઈ જશે અને સવાર સુધી શેતાન તમારી પાસે નહિ આવે, અને સહાબા ભલાઈના કામોમાં હંમેશા ઉત્સુક રહેતા હતા, આપ ﷺએ કહ્યું: આપ ﷺએ કહ્યું, ભલે તે જૂઠો હતો પરંતુ તેણે સાચું કહ્યું છે, હે અબૂ હુરેરહ શું તમે જાણો છો કે આ ત્રણ રાત જે વ્યક્તિ તમારી પાસે આવ્યો તે કોણ હતો? મેં કહ્યું કે ના અલ્લાહના રસૂલ હું નથી ઓળખતો. તે શેતાન હતો. એક સહીહ હદીષમાં આપ ﷺએ ખબર આપી, જેને બુખારી મુસ્લિમમાં હઝરત સફિય્યહ રઝી. એ રિવાયત કરી છે, અને તે આપ ﷺનું આ ફરમાન છે, (શેતાન આદમના સંતાનના શરીરમાં લોહીની જેમ ફરે છે)

ઇમામ અહમદ મુસન્દમાં ભાગ ૪ પેજ નંબર ૨૧૬ માં સહીહ સનદ સાથે રિવાયત કરી છે કે ઉષ્માન બિન અબીલ આસ રઝી. એ કહ્યું હે અલ્લાહના રસૂલ શેતાન મારી નમાઝ અને મારી તિલાવત વચ્ચે આવી ગયો હતો, આપ ﷺએ કહ્યું: ખીંઝબ નામનો શેતાન છે, જ્યારે તમને તેનો એહસાસ થાય તો તેનાથી અલ્લાહની પનાહ માંગો અને ત્રણ વખત તેની ડાબી બાજુ થુકી દો, તેમનું કહેવું છે કે જ્યારે મેં

આવું કર્યું તો પવિત્ર અલ્લાહ તઆલાએ મારી સુરક્ષા કરી અને તેને મારાથી દૂર કરી દીધો,

એવી જ રીતે સહીહ હદીષમા આપ ﷺથી સાબિત છે કે દરેક વ્યક્તિ સાથે એક શેતાન અને એક ફરિશ્તો નક્કી હોય છે, અહીં સુધી કે આપ ﷺ સાથે પણ આવું જ હતું, પરંતુ અલ્લાહ તઆલાએ આપ ﷺની મદદ કરી, અને તેણે ઇસ્લામ કબૂલ કરી લીધો, તે આપ ﷺને ભલાઈ અને નેકીનો આદેશ આપે છે, અલ્લાહની કિતાબ, સુન્નત અને કોમનો ઇજમાઅ આ વાત માન્ય હોવા પર પુષ્ટિ કરે છે કે જિન્નાત માનવીની અંદર દાખલ થઈ શકે છે, અને તેના પર પ્રભુત્વ પણ મેળવી શકે છે, તો પછી કોઈ જ્ઞાની વ્યક્તિ માટે કઈ રીતે યોગ્ય હોઈ શકે છે કે તે ઇલ્મ વગર અને ઊંડાણ પૂર્વક જ્ઞાન વગર આ વાતનો ઇન્કાર કરી શકે છે, અમે અલ્લાહથી જ મદદ માંગીએ છીએ, દરેક નેકી કરવાની તૌફીક અને બુરાઈથી બચવાની શક્તિ ફક્ત અલ્લાહ તરફથી જ હોય છે.

હે વાંચનાર ! હું આ વિશે જ્ઞાની લોકોના મંતવ્ય તમારી સમક્ષ રજુ કરું છું ઇન્ શાઅ અલ્લાહ

અલ્લાહના આ આદેશ વિશે કુરઆન મજીદનું ઊંડાણ પૂર્વક જ્ઞાન ધરાવનારની સ્પષ્ટતા.

(આ લોકો વિપરીત) જે લોકો વ્યાજ ખાઈ છે, તે લોકો એવા માણસની જેમ ઉભા હશે કે જેને શેતાને પોતાના સ્પર્શથી ધૂની બનાવી દીધો હોય. [સૂરે બકરહ: ૨૭૫]

અબૂ જઅફર બિન જરીર રહ. અલ્લાહ તઆલાના આ ફરમાનની સમજુતીમાં લખે છે: (આ લોકો વિપરીત) જે લોકો વ્યાજ ખાઈ છે, તે લોકો એવા માણસની જેમ

ઉભા હશે કે જેને શેતાને પોતાના સ્પર્શથી ધૂની બનાવી દીધો હોય. [અલ્ બકરહ: ૨૭૫]

તેમની લાઇન આ પ્રમાણે છે : "અર્થાત શેતાન તેની બુદ્ધિ ખત્મ કરી દે છે, તેનું ગળું દબાવી દે છે, અને ધૂની બનાવી દે છે, અર્થાત પાગલ કરી દે છે.

બગવી રહ. વર્ણવેલ આયતની તફસીરની સમજૂતી વર્ણન કરે છે, તે લોકો એવા માણસની જેમ ઉભા હશે કે જેને શેતાને પોતાના સ્પર્શથી ધૂની બનાવી દીધો હોય. [સૂરે બકરહ: ૨૭૫]

અર્થાત : પાગલ, અરબીમાં આ શબ્દ જ્યારે માનવી પાગલ થઈ જાય ત્યારે કહેવામાં આવે છે.

ઈબ્ને કષિર રહ. વર્ણવેલ આયતની સમજુતીમાં લખે છે: (આ લોકો વિપરીત) જે લોકો વ્યાજ ખાઈ છે, તે લોકો એવા માણસની જેમ ઉભા હશે કે જેને શેતાને પોતાના સ્પર્શથી ધૂની બનાવી દીધો હોય. [સૂરે બકરહ: ૨૭૫]

અર્થાત : કયામતના દિવસે તેઓ પોતાની કબરો માંથી એવી જ રીતે નીકળશે જેવી રીતે કે એક વ્યક્તિ જેને વાયુની બીમારીમાં હોય છે, જેને શેતાને ધૂની બનાવી દીધો હોય, તેનું ઉભું રહેવું અદભુત પ્રકારનું હોય છે.

ઈબ્ને અબ્બાસ રઝી. કહે છે: વ્યાજખોરને કયામતના દિવસે પાગલપણાની સ્થિતિમાં ઉઠાવવામાં આવશે, આ હદીષને ઈબ્ને હાતિમે રિવાયત કરી છે.

આ પ્રમાણેની રિવાયત ઔફ બિન માલિક, સઈદ બિન જુબેર, સૂદી, રબીઅ બિન અનસ, કતાદહ અને મુકાતિલ બિન હય્યાન પણ રિવાયત કરે છે, લેખક ની વાતનો ભાગ પૂર્ણ થયો.

કુરતુબી રહ. અલ્લાહના તઆલાના આ આદેશ મુજબ: (આ લોકો વિપરીત) જે લોકો વ્યાજ ખાઈ છે, તે લોકો એવા માણસની જેમ ઉભા હશે કે જેને શેતાને પોતાના સ્પર્શથી ઘૂની બનાવી દીધો હોય. [સૂરે બકરહ: ૨૭૫]

આ આયત તેમના વિરુદ્ધ દલીલ છે જેઓ વાયુ બીમારીને જિન તરફથી હોવાનો ઇન્કાર કરે છે, અને જેઓ અનુમાન લગાવે છે કે આ હાડકાની વ્યવસ્થામાં પેદા થનારી એક બીમારી છે, શેતાનને માનવી પર કોઈ પ્રભુત્વ નથી, આ જ સમજુતીમાં ઘણા આલિમોના મંતવ્ય છે, જે ઈચ્છે તે વાંચન કરી શકે છે.

શેખુલ્ ઇસ્લામ ઈબ્ને તૈય્યમિયહ રહ. કહે છે (ઈઝાહુદ્ દલાલહ ફી ઉમુમુર્ રિસાલહ લિષકલેન) જે મજમુઉલ્ ફતાવા ભાગ નંબર ૧૯ પેજ નંબર ૯ અને પેજ નંબર ૬૫ મા વર્ણન છે. તેમાં કેટલીક વાતો વર્ણન કર્યા પછી કહે છે: એટલા માટે મુઅતઝિલહનું એક જૂથ ઉદાહરણ તરીકે જબાઈ, અને અબૂ બકર રાઝી, વગેરેએ આ સત્યતાનો ઇન્કાર કર્યો છે, કે જે વ્યક્તિને વાયુની બીમારી હોય છે તેનામાં જિન દાખલ હોય છે, પરંતુ તે લોકોએ જિનના અસ્તિત્વનો ઇન્કાર કર્યો નથી, કારણકે જિનનું માનવીના શરીરમાં દાખલ થવાની વાત રસૂલ ﷺથી એવી રીતે સાબિત નથી જેવું કે જિનના અસ્તિત્વ માટે સાબિત છે. હા, તો પણ તેઓ પોતાના વર્ણવેલ મંતવ્ય પર ખોટા છે.

એટલા માટે જ અબૂલ્ હસન અશઅરીએ અહલુસ્ સુન્નહ વલ્ જમાઅતના અકીદા વર્ણન કરતા કહે છે કે જિન જે વ્યક્તિને વાયુની બીમારી હોય છે, તેનામાં જિન દાખલ હોય છે, જેવું કે અલ્લાહ તઆલા કહે છે: (આ લોકો વિપરીત) જે લોકો વ્યાજ ખાઈ છે, તે લોકો એવા માણસની જેમ ઉભા હશે કે જેને શેતાને પોતાના સ્પર્શથી ઘૂની બનાવી દીધો હોય. [સૂરે બકરહ: ૨૭૫]

અબ્દુલ્લાહ બિન અહમદ બિન હનબલ નું વર્ણન છે કે મેં મારા પિતાને કહ્યું, કેટલાક લોકો આ પ્રમાણે કહે છે કે કોઈ જિન કોઈ માનવીમાં દાખલ થઈ શકતો નથી, તો આપે કહ્યું: હે દીકરા ! તેઓ જૂઠું બોલી રહ્યા છે, ખરેખર આ શેતાન હોય છે, જે ધુનીવ્યક્તિની જબાન વડે બોલે છે.

ફતાવા ભાગ નંબર ૨૪ પેજ નંબર ૨૭૬/૨૭૭ મા છે,

જિનોનું અસ્તિત્વ કુરઆન, હદીષ કોમના આલિમો અને ઇમામોના એકમત છે કે એવી જ રીતે જિનનુ માનવીના શરીરમાં પ્રવેશ કરવું પણ અહલે સુન્નત વલ્ જમાઅતના એકમત થી સાબિત છે, અલ્લાહ તઆલા કહે છે: (આ લોકો વિપરીત) જે લોકો વ્યાજ ખાઈ છે, તે લોકો એવા માણસની જેમ ઉભા હશે કે જેને શેતાને પોતાના સ્પર્શથી ધૂની બનાવી દીધો હોય. [સૂરે બકરહ: ૨૭૫]

બુખારી અને મુસ્લિમાં આપ ﷺથી સાબિત છે: (શેતાન આદમના સંતાનના શરીરમાં લોહીની જેમ ફરે છે)

ઇમામ અહમદના દીકરા અબ્દુલ્લાહનું વર્ણન છે: મારા પિતાને કહ્યું, કેટલાક લોકો એવું કહે છે કે કોઈ જિન કોઈ વાયુની બીમારીનો વ્યક્તિ હશે તેમાં દાખલ થઈ શકતો નથી. તો તેમણે કહ્યું: હે દીકરા ! તે લોકો જૂઠું બોલી રહ્યા છે, ખરેખર આ શેતાન જ છે.

અને જે વાતને ઇમામ અહમદે વર્ણન કરી છે, તે વાત પ્રખ્યાત છે કે જ્યારે જિન માનવીને પોતાનો કેદી બનાવી લે છે તો માનવી અભદ્ર જબાને વાત કરતો હોય છે, અને તેને સખત માર પડતી હોય છે, જો તે માર કોઈ ઊંટને મારવામાં આવે તો તેના પર ખૂબ અસર થશે, તો પણ જેને વાયુની બીમારી હોય છે તેને કોઈ અસર થતો નથી, અને ન તો તેને ભાન હોય છે કે તે શું બોલી રહ્યો છે, ક્યારેક તો જિન દ્વારા જે વ્યક્તિને વાયુની બીમારી છે તે બીજાને ખેંચવા લાગે છે, અને તે ચટાઈને

પણ ખેંચે છે, જેના પર તે બેઠો હોય છે, અને ભારે વસ્તુને ઉઠાવી એક જગ્યા પરથી બીજી જગ્યા પર મૂકે છે, તે સિવાય ઘણા કાર્યો એવા જોવા મળશે જેનાથી એક સામાન્ય વ્યક્તિ વિચાર કરશે કે આ બોલવાવાળો અને આટલી ભારે વસ્તુ ઉઠાવનાર કોઈ ઇન્સાન નથી પરંતુ કોઈ બીજી જ સર્જન છે.

મુસલમાનના ઇમામો માંથી કોઈ એવું નથી જે ખબતુંલ્ હવાસ (જેન ભાન ન હોય) માનવીમાં શેતાનના દાખલ હોવાનો ઇન્કાર કરતા હોય, અને જે વ્યક્તિએ તેનો ઇન્કાર કર્યો અને દાવો કર્યો કે શરીઅત પણ આ વસ્તુને જુઠલાવે છે તો તે વ્યક્તિ શરીઅતને જુઠલાવી રહ્યો છે , અને શરીઅતમાં કોઈ એવી દલીલ નથી મળતી, જે તેનો ઇન્કાર કરતી હોય, ઇમામ ઈબ્ને તૈમિયહ ની વાત પૂરી થઈ.

ઇમામ ઈબ્નુલ્ કય્યિમ રહ. એ પોતાની કિતાબ ઝાદુલ્ મઆદ ફી હદ્યિ ખયરીલ્ ઇબાદમાં ભાગ : ૪ પેજ નંબર ૬૬-૬૯ સુધીમાં લખે છે.

વાયુની બીમારીના બે પ્રકાર છે : એક બીમારી તો તે છે જે જમીન પર રેહવાવાળી નાપાક પ્રાણ તરફથી હોય છે અને બીજો પ્રકાર તે જે ખરાબ સિમ્ટમ્સ ના કારણે હોય છે, બીજા પ્રકારની બીમારીનો ઈલાજ ડોકટર અને હકીમ કરતા હોય છે અને તે જ લોકો આના વિશે અને સારવાર વિશે ચર્ચા કરતા હોય છે.

નાપાક જીવના કારણે જે બીમારી હોય છે, તેને દરેક બુદ્ધિશાળી લોકોએ અને ઇમામોએ સ્વીકાર કર્યો છે તેઓ કહે છે કે તેની સારવાર શક્ય છે, પાક, પવિત્ર જીવ નાપાક જીવનો મુકાબલો કરે, આ પવિત્ર જીવ તે નાપાક જીવન હેતુ ને બાતેલ અને નષ્ટ કરી દેશે, આ પ્રમાણે ની વાતો બિકીરાતે પોતાની કિતાબમાં લખી છે, અને વાયુની બીમારીની સારવાર પણ જણાવી છે, અને કહ્યું છે કે આ સારવાર તે લોકો માટે છે જેને બીમારીના સીમટમ્સ જાહેર થયા હોય.

અને જે નાપાક જીવ દ્વારા આ બીમારી હોય છે તેના માટે આ સારવાર અસરકારક નથી, પરંતુ જાહિલ અને અજ્ઞાની ડોકટરોએ અને ઝનાદીકાએ નાપાક જીવ દ્વારા થતી વાયુની બીમારીનો ઇન્કાર કર્યો છે, તેઓ આ વાતનો એકરાર નથી કરતા કે વાયુની બીમારી જે વ્યક્તિને હોય છે તેમનું શરીર અસરકારક હોવાના કારણે હોય છે, આ ફક્ત તેમની અજ્ઞાનતા છે, નહિ તો મેડિકલ લાઈનમાં તેનો ઇન્કાર નથી, તે વસ્તુનો અહેસાસ પણ કરવામાં આવે છે અને તેની દેખરેખ પણ કરવામાં આવે છે, આ જાહિલ લોકો શરીરમાં ખરાબીને લઈને થતી વાયુની બીમારી દરેક વાયુની બીમારી પર ફિટ કરે  છે, જે યોગ્ય નથી, હા કેટલાક માટે પુષ્ટિ થાય છે. આગળ વર્ણન કરીએ છીએ કે આ ઝિનદીક ડોકટરો ફક્ત શરીરમા ખરાબીને લઈને થતી વાયુની બીમારીને માને છે, અંદર જે અન્ય જીવના કારણે થતી હોય છે તેને માનતા નથી, એટલા માટે જે વાયુની બીમારીનું સંપૂર્ણ જ્ઞાન ધરાવતો હોય તે વ્યક્તિ આ અજ્ઞાની લોકો પર હસતા હસતા થાકતો નથી, આ વાયુની બીમારીની સારવાર બે પ્રકારથી થઈ શકે છે,  એકનો સંબંધ પોતે જેને વાયુની બીમારી છે તેની સાથે છે, અને બીજી સારવાર ઈલાજ કરનાર વિશે છે, જેને વાયુની બીમારી છે, તેણે હિંમતથી કામ લેવું જોઈએ, અને નિખાલસતા સાથે તે રુહના માલિક અને પાલનહાર તરફ ધ્યાન દોરે અને દિલ અને જબાન એકમત સાથે યોગ્ય રીતે અલ્લાનું શરણ માંગે,

આ એક પ્રકારનું યુદ્ધ છે, અને યોદ્ધા ત્યાં સુધી પોતાના દુશમનને હરાવી નથી શકતો જ્યાં સુધી પોતાના હથિયાર ખરેખર યોગ્ય ન હોય, અને યુદ્ધ કરનાર હિમતવાળો ન હોય, જ્યારે પણ તે બન્ને વાતો માંથી એક વાતમાં કમી નજર આવશે, તો હથિયાર વધારે અસરકારક સાબિત નહીં થાય તો તમે અંદાજો લગાવી શકો છો જેની પાસે બન્ને માંથી એક પણ હથિયાર ન હોય. અર્થાત દિલમાં તૌહીદ, અલ્લાહ પર ભરોસો, અને અલ્લાહ તરફ ધ્યાન કરવાથી વંચિત હોય અને પાસે હથિયાર પણ ન હોય.

સારવાર કરનાર માટે પણ આ બન્ને વસ્તુ હોવી જરૂરી છે, એ અલગ વાત છે કે કેટલાક સારવાર કરનારનું ફક્ત આટલું કહી દેવું પણ પૂરતું થઈ જાય છે (આના માંથી નીકળી જા) અથવા બિસ્મિલ્લાહ કહેવું અને લા હવલા વલા કુવ્વત ઇલ્લા બિલ્લાહી અને આપ ﷺ ફક્ત આટલું જ કહેતા હતા: (ચલ નીકળ, હું અલ્લાહનો રસૂલ છું)

મેં મારા શેખને જોયા છે કે તેઓ જેને વાયુની બીમારી હોય છે તેની પાસે એવા લોકોને મોકલે છે, જેઓ તેમની સાથે યોગ્ય રીતે વાત કરી શકતા હોય, તે વ્યક્તિ જ બીમાર છે અથવા તેની અંદર જે જિન પ્રવેશ કરી ગયો છે તેને સંબોધિત કરી કહે છે, શેખે તમને આદેશ આપ્યો છે કે નીકળી જાઓ, તમારાં માટે આ યોગ્ય નથી, તો બીમાર વ્યક્તિને કઈક અંશે સુધાર આવી જતો હતો કેટલીક વખત શેખ પોતે સંબોધિત હોતા અને કેટલીક વખતે જિન વિદ્રોહી હોય તો તેને મારીને કાઢતા હતા, અને એવી રીતે બીમાર વ્યક્તિ સાજો થઈ જતો હતો, અને દર્દનો તેને એહસાસ પણ નહતો થતો.

અમે અને કેટલાય લોકોને ઘણી વાર આને નજરે જોઈ છે. આપે વધુ કહ્યું કે કહેવાનો તાતપર્ય એ કે આ પ્રકારની વાયુ ની બીમારીનો ઇન્કાર એક જાહિલ, અજ્ઞાની વ્યક્તિ જ કરી શકે છે, નાપાક રૂહ વધારે પડતું તેમના પર હાવી થઈ જાય છે જેમની પાસે દીનનું ઇલ્મ ઓછું હોય છે, અને એમની જબાન અલ્લાહના ઝીકરથી, સુન્નત અને ઈમાન વાળા કાર્યોથી, અને પનાહ માંગવાની જેટલા ઝિકર છે, તેનાથી ખાલી હોય છે, એટલા માટે જ્યારે નાપાક જીવનો આવા વ્યક્તિ સામે મુકાબલો થાય છે તો તે અજ્ઞાન સ્થિતિમાં હોય છે અને તે હારી જાય છે, અને કેટલીક વખત જ્યારે તે વ્યક્તિ નગ્ન હોય છે તો જિન તેના પર હમલો કરી દે છે. શેખની વાત અહીંયા પુરી થઈ.

જેવી રીતે અમે શરઇ દલીલો આપી અને ઇલ્મ ધરાવનાર સલ્ફ આલિમો દ્વારા અને અહ્લુસ સુન્નહ વલ જમાઅહ ના એકમતથી સાબિત કર્યું કે માનવીમાં જિન દાખલ થઈ શકે છે, જે આનો ઇન્કાર કરે છે તેઓ ભૂલ કરી રહ્યા છે, આ રીતે શેખ અલી તનતાવીના ઇન્કારનો પણ રદ થઈ ગયો.

અલી તનતાવી સાહેબે પોતાની વાતચીતમાં વચન આપ્યું હતું કે જો સત્ય તેમની સામે આવી જશે તો તેઓ તેને કબૂલ કરી લેશે, અમને અનુમાન છે કે વર્ણન કરેલ દલીલો વાંચી તમે પોતાનું મંતવ્ય બદલી નાખશો અને સત્યનો સ્વીકાર કરી લેશો. અમે અલ્લાહ પાસે અમારા અને તમારા માટે હિદાયતની તૌફીકનો સવાલ કરીએ છીએ.

અને ડોકટર મુહમ્મદ ઇરફાનનું મંતવ્ય જે 'અન્ નદવા' નામનું સાહિત્યમાં ૧૪/૧૦/૧૪૦૭ હિજરીસનમાં પેજ નંબર ૮ પર પ્રિન્ટ થયું હતું કે 'પાગલ' શબ્દ મેડિકલ લાઇનમાં છે જ નહિ, વધુ કહે છે કે જિનનું માનવીમાં દાખલ થવું અને તેની જબાનમાં વાતચીત કરવાનો ખ્યાલ જ્ઞાની અને સાયન્સની દુનિયામાં સો ટકા ખોટો છે, ઇરફાન સાહેબે વર્ણન કરેલ પોતાનું સ્ટેટમેન્ટ એ વાતની સાબિતી આપે છે કે દીનનું ઇલ્મ તેમને કાચું છે તેમજ અહલે સુન્નત વલ જમાઅતના મંતવ્ય તે જાણતા જ નથી, ઘણા ડોકટરો પાસે આ વાતનું જ્ઞાન ન હોવું એ વાતની દલીલ નથી કે તેનું અસ્તિત્વ જ નથી, નિષ્ઠાવાન અને દીનનું ઊંડાણ પૂર્વક જ્ઞાન ધરાવતા આલિમો પાસે સો ટકા સાચી છે, ખાસ કરીને અહલે સુન્નત વલ્ જમાઅત આના પર એકમત છે, જેવું કે શેખુલ ઇસ્લામ ઈબ્ને તૈયિમહ રહ.એ દરેક આમિલો વતી અને શેખ અબૂલ હસન અશઅરીએ અહલે સુન્નત વલ્ જમાઅત તરફથી ઇજમાઅ નકલ કર્યો છે, અલ્લામહ અબૂ અબ્દુલ્લાહ, મુહમ્મદ બિન અબ્દુલ્લાહ શીબલી હનફી તેમની વફાત ૭૯૯ હિજરીસનમાં થયું, તેમણે પણ અબૂલ્ હસન સાહેબે જે ઇજમાઅ નકલ કર્યો છે

તેને પોતાની કિતાબ (આકામુલ્ મરજાન ફી ગરાઈબિલ્ અખબાર વ અહકામિલ્ જાન) પાઠ ૫૧ માં નકલ કરી છે.

વર્ણવેલ લાઇનમાં આ વાત આવી ગઈ છે, માહિર ડોકટરો અને તે ફનમાં સ્કિલ ધરાવનાર આ વાતનો સ્વીકાર કરી લીધો છે, ફક્ત જાહિલ ડોકટરો અને વર્ણવેલ ઝનાદિક લોકો જ આ વાતનો ઇન્કાર કરે છે, વાંચનાર વ્યક્તિએ સત્ય વાતનો સ્વીકાર કરવો જોઈએ અને જાહિલ ડોકટરોના અનુસરણ, તુકકા લગાવનાર જાહિલ બીદઅતી મુઅતઝિલહની વાતમાં ન આવવું જોઇએ .અલ્લાહ જ મદદ કરનાર છે.

# સાવચેતી

જેવું કે અલ્લાહના રસૂલની હદીષ અને સલફના આલિમો દ્વારા આ વાત સાબિત થઈ ગઈ કે જિનને સંબોધિત કરવું, તેને શિખામણ કરવી, ઇસ્લામ તરફ બોલાવવા અનેતેમનું આ વાતનો સ્વીકાર કરવો એ બધી વસ્તુઓ સૂરે સોદમાં વર્ણન થયેલ સુલેમાન અ.સ.ની દુઆની વિરુદ્ધ નથી. હે અલ્લાહ તું મને માફ કરી દે અને મને એવું સામ્રાજ્ય આપ જે મારા પછી કોઈ વ્યક્તિ માટે લાયક ન હોય. [સૂરે સોદ: ૩૫]

આ પ્રમાણે તેને ભલાઈનો આદેશ આપવો, બુરાઈથી રોકવા, અને જ્યારે તે (માનવીના શરીર માંથી નીકળવાનો ઇન્કાર કરે) તો તેને મારવું, આ બધું વર્ણવેલ આયત વિરુદ્ધ નથી, પરંતુ આ એવી જ રીતે જરૂરી છે , જેવું કે માનવીઓની વચ્ચે જાલિમને રોકવા, પીડિત ની મદદ કરવા, ભલાઈનો આદેશ આપવો અને બુરાઈથી રોકવા, આદેશ જરૂરી છે, સહીહ હદીષ વર્ણન થઈ ગઈ છે કે આપ ﷺએ કહ્યું: મેં શેતાનનું ગળું એટલું જોરથી દબાવ્યું કે તેનું થુંક આપ ﷺના હાથમાં પડ્યું. આપ ﷺએ વધુ કહ્યું: જો મારા ભાઈ સુલેમાનની દુઆ ન હોત તો હું તેને પિલર સાથે બાંધી દેતો, જેથી સવારે તમે જોઈ લેતા. સહીહ મુસ્લિમમાં અબૂ દરદાઅ રઝી. રિવાયત કરે છે કે આપ ﷺએ કહ્યું: અલ્લાહનો દુશ્મન ઇબલીસ આગનો અંગારો લઈ આવ્યો, જેથી તે મારા ચહેરા પર મારે, મેં ત્રણ વખત કહ્યું, "હું શેતાનથી અલ્લાહની પનાહ માંગુછું" પછી ત્રણ વખત કહ્યું, " હું અલ્લાહની સંપૂર્ણ લઅનત મોકલું છું" તો પણ તે પાછળ ન હટ્યો, પછી મેં તેને પકડી લેવાનો ઈરાદો કર્યો, અલ્લાહની કસમ ! જો મારા ભાઈ સુલેમાનની દુઆ ન હોત તો હું તેને પિલર સાથે બાંધી દેતો, જેથી સવારે મદીનાના બાળકો તેની સાથે રમત કરતા.

અને આ વિશે ઘણી હદીષો છે અને આલિમોના મંતવ્યો પણ છે.

આશા રાખું છું કે વર્ણવેલ દલીલો સત્યની શોધ કરનાર માટે પૂરતી હશે, અલ્લાહ તઆલાના પવિત્ર અને ખૂબસૂરત નામો અને ઉચ્ચ ગુણોના વાસ્તે સાથે દુઆ કરીએ છીએ કે અમને દીનની સમજ આપ, અને તેના પર જમાવી દે, અને વાતચીતમાં અને અમલમાં સત્યની શોધ કરનાર બનાવે, અને આપણા સૌને ઇલ્મ વગર કોઈ વાત અલ્લાહ તરફ નિસબત કરવાથી બચાવે, અને જે વસ્તુની જાણકારી ન હોય તેનો ઇન્કાર કરવાથી પણ બચાવે, ખરેખર તે વલી અને કુદરત ધરાવનાર છે.

અને દરુદ અને સલામતી ઉતરે તેના બંદા અને તેના પયગંબર, આપણા નબી મુહમ્મદ પર, તેમની સંતાન, તેમના સાથીઓ અને જેણે તેમના પછી સત્ય સાથે અનુસરણ કર્યું તેમના પર.

# અનુક્રમણિકા

પ્રસ્તાવના....................................................................................................1

જાદુ, જ્યોતિષી અને તેને સંબંધિત વસ્તુઓનો હુકમ..........................................3

પત્નીનું પતિ પર જાદુ કરવું ...........................................................................14

જાદુગરો અને મેલી વિદ્યા કરનાર પાસે સવાલ કરવાનો હુકમ ................................17

આયુર્વેદિક એવા ડોકટરો પાસે સારવાર કરાવવી, જેઓ જિનો સાથે કામ કરાવે છે. 21

જાદુનો શરીઅત પ્રમાણે ઈલાજ........................................................................23

જિન્નાતોનું માનવીમાં દાખલ થવાની સત્યતા અને તેનો ઇન્કાર કરવાવાળાનો રદ.....28

સાવચેતી.......................................................................................................43

અનુક્રમણિકા..................................................................................................45